શારદા મહિલા વિકાસ સોસાયટી

અમે તે ઈશ્વરના દાસ છીએ,
જેને અજ્ઞાનીઓ "મનુષ્ય" કહે છે.

સ્વામી વિવેકાનંદ

# સેવા સુવાસ

## સંયુકત મુખપત્ર

**જાન્યુઆરી થી માર્ચ ૨૦૧૭**

# સેવા–સુવાસ

૧૯૮૪ થી સેવા રૂરલ સંસ્થાનું ત્રિમાસિક મુખપત્ર **"સેવા સુવાસ"** તેમજ સેવા રૂરલની ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૦૭ થી **"શારદા સુવાસ"** નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા હતા.

વર્ષ ૨૦૧૨થી બંને સંસ્થાના સંયુકત ઉપક્રમે 'સેવા સુવાસ' પ્રકાશિત થાય છે. સંસ્થાના પાયાના ત્રણ અભિગમ – સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણને સાંકળીને આરોગ્ય, આર્થિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક, રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રસાર કરવાનો શુભ આશય રહ્યો છે. આ બંને સંસ્થાના સમાચારો અને તે વિષેની માહિતી ઉપરાંત સંસ્થાના કાર્યકરો, ગ્રામ્યકક્ષાની સહયોગી બહેનો, કિશોર–કિશોરીઓ અને બાળકોના પોતાના સ્વાનુભવો તેમજ પ્રેરક પ્રસંગો રજૂ થતાં રહે છે.

આપ સૌના પ્રતિભાવો અને સૂચનો, અમારી યાત્રાને પ્રેરણા અને બળ પૂરું પાડશે.

## સાંકળિયું


| | | |
|---|---|---|
| ૧. | વલોણુ – ન પડી ચિઠ્ઠી ચપાટીની જરૂર... | ૧ |
| ૨. | વિવેક સુવાસ | ૨ |
| ૩. | માતૃશકિત – બાળકનો શું વાંક.. | ૩ |
| ૪. | આપની વાત – પ્રલોભનો સામે મૂલ્યોની જાળવણી કરતા સીમાબેન | ૪ |
| ૫. | સંસ્થા સમાચાર | ૫ |
| ૬. | મિત્રોની નજરે | ૧૯ |
| ૭. | સત્સંગના સથવારે | ૨૦ |
| ૮. | નાનાઓની મોટાઈ – સ્વચ્છતા તથા પ્રભુતા | ૨૧ |
| ૯. | જાણવા જેવું– યુવા સ્વાવલંબન યોજના | |


## સેવા સુવાસ સમિતિ


| | | |
|---|---|---|
| જયશ્રી લાડ | જાગૃતિ શાહ | મંજુલા માછી |
| મુકેશ પરીખ | ડો. આકાશ શીંદે | દિલીપ પટેલ |
| બંકિમ શેઠ | રમેશ ગોસ્વામી | રાજેશ પટેલ |
| | ડો. લતાબેન દેસાઈ | |


**ખાસ નોંધ : વાચક મિત્રો, દર ત્રણ માસે પ્રસિધ્ધ થતું સેવા સુવાસ મુખપત્ર આપની અનુકૂળતાએ વેબસાઈટ www.sewarural.org પર પણ વાંચી શકાશે.**

# વલોણું

## ન પડી ચીઠ્ઠી ચપાટીની જરૂર !!!

"હેલો, હેલો.... બેચરભાઈ, તમે સુરત બ્લડ બેંકમાં પહોંચી ગયા ? બે બોટલ લોહીના બદલે ત્રણ બોટલ લોહી લઈને આવશો...."

સેવા રૂરલ હોસ્પિટલમાંથી સુરત લોહીના બોટલ લેવા ગયેલ બેચરભાઈને (પટાવાળા) ડોકટરનો ફોન આવ્યો ત્યારે બેચરભાઈ મુંઝાયા ચાલો વાંચીએ તેમની મૂંઝવણ તેમના જ શબ્દોમાં...

"હોસ્પિટલમાં એક બેનને લોહીની જરૂર પડતા તાત્કાલિક મને સૂરત રેડક્રોસ સોસાયટીની બ્લડ બેંકમાં જવા અને બે બોટલ લોહી લઈ આવવા કહ્યું. હું રૂા. ૧,૫૦૦/– થઈ રહેશે એવી ગણતરી સાથે સૂરત બ્લડ બેંકમાં પહોચ્યો અને બે બોટલ લોહી આપવા જણાવ્યું અને રૂા. ૧,૫૦૦/– આપી બીલ બનાવવા કહ્યું. સામેથી જવાબ મળ્યો, એક બોટલના રૂા.૯૦૦/– થશે. તે પ્રમાણે બીજા રૂપિયા આપો. હું મૂંઝાયો. મને એમ કે રૂા. ૧,૫૦૦/–માં બે બોટલ લોહી આવી જશે. ત્યારે અહી બીજો લોહીનો બાટલો મેળવવામાં તકલીફ પડી. હવે શું થાય ? કેવી રીતે પૈસાની જોગવાઈ કરું ? અને કેવી રીતે લોહીના બોટલ સાથે તાત્કાલિક સેવા રૂરલ, ઝઘડિયા પહોંચાશે તેની ચિંતામાં હતો ત્યાં ઉપર પ્રમાણેનો ફોન આવ્યો અને પાછી ત્રીજા બોટલની જરૂરિયાતની વાત આવી. જયાં બે બોટલના પૈસાની વ્યવસ્થાનો પ્રશ્ન ત્યા હવે ત્રીજા બોટલના પૈસા અને બોટલ..? મેં સ્ટોરેજવાળા ભાઈને વાત કરી કે અત્યારે ત્રણ બોટલ આપો, પછી વ્યવસ્થા કરી પૈસા મોકલીશું. બ્લડ બેંકના ભાઈએ ના પાડી. પછી વિચાર કરી તેમના ઉપલા અધિકારીને હિંમ્મત કરી મળવા વિચાર્યુ અને વરિષ્ઠ અધિકારીને મળી વિનંતિ કરી. તેઓને સંસ્થાનો પરિચય તો હતો જ. મેં લોહીના બોટલની ખાસ જરૂર હોવાનું અને મારી પાસે હાલ ત્રણ બોટલ લેવા જેટલા પૂરતા પૈસા નથી પણ આવતી કાલે સંસ્થામાંથી વ્યવસ્થા કરી મોકલી દઈશું એવી બાહેંધરી આપી. આનંદની વાત એ કે ઉપલા અધિકારીએ ત્રણ બોટલ લઈ જવા માટે સંમતિ આપી. દર્દીની જરૂરિયાત, સંસ્થાની છાપ તેમજ મારા જેવા નાના કાર્યકરના શબ્દોને માન મળ્યું અને મને ખાલી હાથે પાછુ ન આવવું પડયું. દર્દીને સમયસર લોહી મળ્યું. સારવાર થઈ અને બીજા દિવસે બ્લડબેંક સૂરતને પૈસા પહોંચી ગયા અને મારી જવાબદારીને પૂર્ણ વિરામ મળ્યો.

આમ વાત નાની છે પણ સુક્ષ્મપણે વિચારીએ તો સંસ્થાની છાપ સારી, જેથી એવા અનેક કામ માટે નાના કાર્યકરને પણ બહારના વાતાવરણ માં જયાં પૈસાની, પૈસાવાલાની જ બોલબોલા છે ત્યાં પણ આદર મળે અને કામ થઈ જાય છે. એ માટે નથી કોઈ ચિઠ્ઠી કે ફોન કે એક સંસ્થાના ઉપલા અધિકારીનો બીજી સંસ્થાના બીજા ઉપલા અધિકારી સાથેનો વાર્તાલાપ કે લાગવગ... બસ સંસ્થાના વહીવટદારોને અમારામાં વિશ્વાસ કે જે કાર્યકરને જે કામ સોંપવામાં આવશે તે કામ થઈને જ રહેશે અને તેવી કેળવણી પણ મળે છે. તેથી જ કયારેય કોઈ કાર્યકર જવાબદારીમાં પાછળ પડયો નથી. સંસ્થાના ઉપરના અધિકારીથી નીચેના કાર્યકરો સુધી બધામાં ગરીબો પ્રત્યેની કુણી લાગણી જ આવા જટિલ પ્રશ્નોના નિરાકરણ લાવવામાં મદદરૂપ બને છે એવું નથી લાગતું ? આ વાત જાણી ત્યારે સંસ્થાના અન્ય કાર્યકરોને થયું કે, એક વખત ભણતર ઓછું હશે, પૈસા નહિ હશે તો ચાલશે પણ પૂરતી સમજ, ગરીબો પ્રત્યે લાગણી અને સભાનતા હશે તો કોઈ કામ અટકશે નહી. એવું સારું વાતાવરણ હોય, એવી કેળવણી મળતી હોય પરિણામે આત્મવિશ્વાસ અમારામાં વધવાથી સંસ્થા હોય, સરકાર હોય કે અંગત જીવન હોય ત્યાં સુપરવીઝન કે ઉપલા અધિકારીને, વડીલને સતત ફોલોઅપ કરવું પડે ?

આજે આપણે સમાજ, સંસ્થા કે સરકારમાં જોઈએ છીએ કે આ સાધન નથી કે વસ્તુ નથી તો હું શું કરું ? કેવી રીતે કામ કરું ? અને કામ ઠેલાયા કરે છે. સેવાઓ લોકો સુધી પહોંચતી નથી. જયારે આ બાબત વિશે ઉપલા અધિકારીને ખબર પડે છે ત્યારે તે માટે જોગવાઈ, વ્યવસ્થા થાય છે પરંતુ તે દરમ્યાન ઘણો સમય નીકળી જાય છે. મોડુ થઈ જાય છે. પ્રશ્ન મોટો બની જાય છે. ત્યારે આવું ન થાય માટે આપણે સૌએ જે તે સ્તરે શુ કરવું જોઈએ ? એકબીજાને કેવી રીતે પૂરક બનીએ ?

♦

# વિવેક સુવાસ

આ અંકમાં સ્વામી વિવેકાનંદે શિકાગોથી તેમના યુવાન મિત્રોને લખેલ પત્ર દ્વારા ભારતીય સંસ્કૃતિ અને પાશ્ચાત્ય સંસ્કૃતિમાં રહેલી સારી વસ્તુઓનો સુમેળ સાધીને ગરીબ લોકોને ઊંચે લાવવાના વિચારો વાંચીશું.

C/o. શ્રી જયોર્જ ડબલ્યુ.હેઈલ એસ્કવાયર,
૫૪૧, ડિયરબોર્ન એવન્યુ, શિકાગો,
૨૪મી જાન્યુઆરી, ૧૮૯૪.

પ્રિય મિત્રો,

તમારા પત્રો મને મળ્યા. મારો વિચાર તો એવો છે કે ભારતમાં અને ભારતની બહાર, મનુષ્યજાતિએ જે જે ઉચ્ચ વિચારોનો વિકાસ કર્યો છે તે બધાનો પરિચય ગરીબમાં ગરીબ અને દીનમા દીન મનુષ્યોને પણ કરાવવો અને તેમને સ્વતંત્ર રીતે વિચાર કરતા કરી મૂકવા. ...... જીવનના વિકાસ અને કલ્યાણ માટે એકમાત્ર આવશ્યક બાબત છે વિચાર અને કાર્યની સ્વતંત્રતા. જયાં આનો અભાવ હોય છે ત્યાં મનુષ્ય, પ્રજા કે રાષ્ટ્ર ગમે તે હો, તેની અવશ્ય પડતી થાય છે.

જ્ઞાતિ રહે કે ન રહે, સંપ્રદાય રહે કે ન રહે, પરંતુ જે કોઈ મનુષ્ય, વર્ગ, જ્ઞાતિ, રાષ્ટ્ર કે સંસ્થા, કોઈ પણ વ્યકિતના વિચાર કે કાર્યની સ્વતંત્રતાના અધિકારને રુંધે તે આસુરી છે, અને તેમની અધોગતિ થવી જ જોઈએ.

મારા જીવનની સમગ્ર અભિલાષા એ છે કે એક એવી યોજના અમલમાં મૂકી દેવી કે જેથી પ્રત્યેક વ્યકિતના ઊંચામાં ઊંચા વિચારો સુલભ બને. ત્યાર બાદ ભલે સ્ત્રીઓ અને પુરુષો પોતપોતાનું ભાગ્ય નકકી કરે. જીવનના અત્યંત મહત્વના પ્રશ્નો વિષે આપણા પૂર્વજોએ તેમજ બીજા દેશોના વિચારકોએ શું વિચાર્યુ છે એ હકીકતની તેમને જાણ થવી જોઈએ. બીજાઓ અત્યારે શું કરી રહ્યા છે એ તેઓ ખાસ જુએ અને પછી પોતાના નિર્ણયો બાંધે. આપણે તો માત્ર રસાયણોનો સંયોગ કરવાનો છે; પાસા પાડવાની ક્રિયા તો કુદરત પોતાના નિયમાનુસાર કરી લેશે. સખત પરિશ્રમ કરો, દ્રઢ બનો અને પરમેશ્વરમાં શ્રદ્ધા રાખો, કામે લાગી જાઓ. હું વહેલો કે મોડો આવવાનો જ છું. તમારી સમક્ષ આ મુદ્રાલેખ ધ્યાનમાં રાખો : "ધર્મને હાનિ પહોંચાડયા વગર આમ જનતાની ઉન્નતિ."

યાદ રાખજો કે સાચું રાષ્ટ્ર તો ઝૂંપડાઓમાં વસે છે. પરંતુ અફસોસ ! કોઈએ પણ આ ઝૂંપડાવાસીઓ માટે કદાપિ કશું કર્યુ નથી. આપણા હાલના સુધારકો તો વિધવાનાં પુર્નલગ્નનાં કાર્ય પાછળ જ મંડી પડયા છે. અલબત્ત, પ્રત્યેક સુધારા પ્રત્યે મારી સહાનુભૂતિ છે. પણ રાષ્ટ્રનું ભાવિ તેમની કેટલી વિધવાઓને પતિ મળ્યા તેની સંખ્યા ઉપર નિર્ભર નથી, પરંતુ આમ વર્ગની 'સ્થિતિ' ઉપર એ નિર્ભર છે. એમનો તમે ઉદ્ધાર કરી શકશો ? એમનામાં રહેલી આધ્યાત્મિકતાઓ લોપ થવા દીધા વગર, એમનું ખોવાયેલું વ્યકિતત્વ તમે એમને પાછું અપાવી શકશો ? સમાનતા, સ્વતંત્રતા, શ્રમ ને ઉદ્યમની ભાવનામાં ચુસ્તમાં ચુસ્ત પશ્ચિમવાસી બનવાની અને સાથોસાથ ધાર્મિક સંસ્કારોને વૃત્તિઓની બાબતમાં પૂરેપૂરા હિંદુ બની રહેવાની તમારામાં શકિત છે ? આપણે કરવાનું આ છે અને 'એ આપણે કરશું જ.' એ કરવા માટે જ તમારો બધાનો 'જન્મ થયો છે.' આત્મશ્રદ્ધા રાખો. દ્રઢ શ્રદ્ધામાંથી જ મહાન કાર્યો જન્મે છે. હંમેશાં આગળ વધો. જીવનની છેલ્લી ઘડી સુધી ગરીબો અને પદદલિતો પ્રત્યે અનુકંપાએ છે આપણો મુદ્રા લેખ.

આગળ વધો, વીર યુવાનો !

પ્રેમપૂર્વક તમારો,
વિવેકાનંદ

( 'સ્વામી વિવેકાનંદના પત્રો'માંથી સાભાર)

♦

## માતૃશકિત

### બાળકનો શું વાંક...

" પતિ–પત્નીના ઝઘડામાં બાળકનો શું વાંક... " આઈ. એમ. ટેકોની હેલ્પલાઈન ટીમ દ્વારા વાત સમજાવતા બાળકની માતા માની ગયા અને બાળક બચી ગયું.

જેસલપોર ગામના હંસાબેન માછી. તેમના ઘરની આર્થિક સ્થિતિ નાજુક હતી. તેઓને બે જીવિત બાળક છે. દારૂડિયા પતિના હઠાગ્રહને કારણે હંસાબેન ત્રીજી વખત સગર્ભા બન્યા. ઘરમાં ખાવાના ફાફા, તેથી રોજ ઘરમાં ઝઘડા થાય તેથી હંસાબેન કંટાળી પિયર આવી ગયા. તે વખતે બેનને આઠમો માસ ચાલતો હતો. બેનને અધુરા માસે દુ:ખાવો થતા ઘરે જ સુવાવડ થઈ ગઈ.

હંસાબેનના ઘરે પ્રસવનો દુ:ખાવો થતો હતો તે વખતે ગામના આશા કાર્યકર શીતલબહેનને બોલાવ્યાં નહોતા. જયારે શીતલબેનને હંસાબેનને ડિલેવરી ઘરે થઈ છે એવી જાણ થઈ તો તેઓ તરત જ બેન અને બાળકને મળવા ગયા. બાળકનું વજન કરવા જતા હંસાબેન અને તેમની માતાએ વજન ન કરવાની અને અમારા ઘરે આવતા નહી એવુ કહી નારાજગી વ્યકત કરી. આશા કાર્યકર શીતલબેને ખૂબ સમજાવ્યું કે બાળકનું વજન દોઢ કિલો કરતા ઓછું છે. બાળકને દવાખાને લઈ જઈએ. છતાંય માતા કે હંસાબેન ટસના મસ ના થયા. બાળકના વજનની નોંધ મોબાઈલ ફોનમાં કરતા હેલ્પલાઈન ટીમ દ્વારા સંદેશો આવ્યો કે સરકારી દવાખાને મફત સારવાર મળશે અથવા સેવા રૂરલમાં આવે ત્યાં પણ મફત સારવાર મળશે. આ વાત આશા કાર્યકરે હંસાબેનને કરી ત્યારે મોટા બે બાળકોને સાચવવાનો પ્રશ્ન છે એવું કહી દવાખાને જવાનું ટાળ્યું, આનાકાની કરી. ખૂબ સમજાવ્યું છતાંય હોસ્પિટલે હવે જશે નહિ, એવું લાગતા હેલ્પલાઈન ટીમે સતત ફોલોઅપ ચાલુ રાખ્યું. ઠંડીની ઋતુ તેથી બાળક ઠંડુ ના પડે માટે કાંગારું સંભાળ કઈ રીતે લેવી, બાળકને નવડાવવાના બદલે હુંફાળા પાણીથી સ્વચ્છ કરવું, કપડામાં વીંટાળવું, ગરમ કપડા પહેરાવવા અને માતાનું ધાવણ વાડકીમાં લઈ ચમચી વડે વારંવાર આપવાની સમજ આપતા રહ્યા. અને એ પ્રમાણે માતા કરે તે આશા કાર્યકર જોતા રહ્યા. અને બે માસ સુધીમાં કાંગારું સંભાળ અને અન્ય કાળજી હંસાબેન લેતા રહ્યા. ધીરે ધીરે બાળકનું વજન વધવા લાગ્યું. હેલ્પલાઈન ટીમની વાત સાંભળી તેમની સહૃદયતા, તેમનો માતૃભાવ, ફોન દ્વારા સંકલન– માર્ગદર્શન અને નવી ટેકનોલોજીની ક્ષમતા વરદાનરૂપ બની. સતત ફોલોઅપ થતા આવી અનેક માતા અને બાળકોને બચાવવામાં હેલ્પલાઈન ટીમનો માતૃભાવ જ દેખાય છે.

♦

# આપની વાત

## પ્રલોભનો સામે –મૂલ્યોની જાળવણી કરતાં સીમાબેન

"બેન, આ ફેન્સી ગોગલ્સ તાપથી બચવા માટેના છે તે તમારી દુકાનમાં રાખી લો અને હા, આ બીજા ફેન્સી ગોગલ્સ ભેટરૂપે તમારા માટે પણ લઈ લો." સંસ્થાની અનોખી ચશ્માની દુકાનમાં આવેલા વેપારીએ સીમાબેન પટેલને ખૂબ આગ્રહભરી વિનંતી કરી. તો ચાલો સીમાબેનના મોઢે જ એ વાત સાંભળીએ.

"અનોખી ચશ્માની દુકાનમાં છેલ્લાં ૨૧ વર્ષથી હું ફરજ બજાવું છું. ચશ્માની દુકાનમાં તૈયાર ચશ્મા વેચવા, નંબર પ્રમાણેના બનાવવા માટેનાં ઓર્ડર લેવા–વેચવાની મારી જવાબદારી. તેથી ચશ્માની ખરીદી માટેના ૫–૬ વેપારીના સંપર્કમાં આવવાનું થાય. અમદાવાદની એક નવી જ પાર્ટીના સેલ્સમેન આંખનું કામ મોટા પાયે થતું જાણી ચશ્મા વેચવા ૨–૩ વખત આવી ગયા. તેઓના કવોટેશન ભાવપત્રક જોઈ અન્ય ભાવપત્રક સાથે તુલના કરી, ઓર્ડર આપીશું એમ બધા વેપારીને કહેતા હોઈએ તેમ આ નવા સેલ્સમેનને મેં કહ્યું. યોગ્ય લાગતા બીજી વખત થોડા ચશ્મા આ સેલ્સમેન પાસેથી ખરીદયા. જયારે ત્રીજી વખત તેઓ આવ્યાં ત્યારે ચશ્માની ફ્રેમો, ગોગલ્સ ખરીદવાનો આગ્રહ કરવા લાગ્યા. વિભાગીય વડા સાથે વાત કરી જણાવીશું એવું કહેતા મને તેમજ મારા સહકાર્યકર અર્જુનભાઈ વસાવાને ઉનાળામાં તાપથી બચવા ફેન્સી ગોગલ્સ ખરીદવાનો અને અમારા માટે ફેન્સી ગોગલ્સ ભેટરૂપે આપવાનો હઠાગ્રહ રાખ્યો. પરંતુ આટલા વર્ષોથી કામ કરવામાં કયારેય કોઈ ભેટ કે સેમ્પલ પોતા માટે રાખ્ય નહોતા. તેથી કહ્યું, મહેરબાની કરીને આ ભેટ પાછી લઈ જાઓ. પરંતુ તેઓ એ ચશ્મા (ગોગલ્સ) મૂકીને જતા રહ્યા. તેઓ સાથે રકઝક ન કરતા બીજા દિવસે કુરિયર દ્વારા એ ગોગલ્સ પરત મોકલી દીધા. આ રીતે લાલચ બતાવી વસ્તુ લઈ લઈએ તો, એ અમારી સંસ્થાની મૂલ્યલક્ષી વિચારધારાથી વિપરીત થાય. આવો ખોટો ધંધો કરનાર વેપારી ગ્રાહકોને ખરીદે છે એવી પૂરેપુરી સમજ હોવાથી આવી ભેટ સોગાદોથી આજદિન સુધી દૂર રહી છું, દૂર રહેવા પ્રભુ સદ્‌બુધ્ધિ આપે છે અને પ્રામાણિકતાથી કામ કરવાનો હેતુ પૂર્ણ થાય છે એનો આનંદ છે."

સીમાબેનની વાત સાંભળી ત્યારે થયુ કે સાચે જ આવા નિષ્ઠાવાન, પ્રામાણિક કાર્યકરો સંસ્થામાં છે તેથી જ ૩૭ વર્ષથી સંસ્થા અવિરત કાર્ય કરી રહી છે. એવા કાર્યકરો જયા હોય ત્યા રોકટોક કે સુપરવીઝનની જરૂર જ ન પડે. સીમાબેનની મૂલ્યોની જાળવણી જોઈ અમે સૌએ તેમને ધન્યવાદ પાઠવ્યા.

♦

# સંસ્થા સમાચાર

## સેવા રૂરલ

- તા. ૧૮ ફેબ્રુ.'૧૭ના દિને શ્રી રામકૃષ્ણદેવની જન્મજયંતીની ઉજવણી સંસ્થાના મંદિરમાં કરવામાં આવી. ત્યારબાદ આધ્યાત્મિક વાંચન અને પ્રાર્થનાનું મહત્વ ઉપર ચર્ચા, વાર્તાલાપ થયો. આવેલ ૬૯ કાર્યકરોએ આધ્યાત્મિક ચિંતન સંદર્ભે મૂંઝવતા પ્રશ્નો લખી મોકલ્યા જેનું યોગ્ય સમાધાન તા. ૨૦–૨૧ ફેબ્રુ.'૧૭ને સાંજના આધ્યાત્મિકતા વિષેના વાર્તાલાપમાં શ્રી નિર્વિકલ્પાનંદજી સ્વામીજીએ કર્યું હતું.
- તા. ૨૦–૨૧ ફેબ્રુ. ૧૭ દરમ્યાન રામકૃષ્ણ આશ્રમ, દહેરાદૂનથી સ્વામી શ્રી નિર્વિકલ્પાનંદજી આવ્યા હતા. સંસ્થાની બહેનો સાથે તેઓએ મા શારદામણિદેવીના જીવનના કેટલાક પ્રસંગોની વાત કરી. મા ના દૈવી શકિતના શાબ્દિક દર્શન કરાવ્યાં. તા. ૧૮ ફેબ્રુ.૧૭ના દિવસે થયેલ આધ્યાત્મિક ચર્ચામાં આવેલ પ્રશ્નોના જવાબો સ્વામીજીએ બે દિવસ સાંજના વાર્તાલાપમાં આપ્યાં. ઉપરાંત વિજીટીકેના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે, આધ્યાત્મિક વિકાસ થાય માટે જીવનમાં તકનું મહત્વ, હકારાત્મક વલણ, સંકલ્પ શકિત, ઈચ્છાશકિત અને મનની શકિતઓ વિશે વિસ્તૃત માહિતી પૂ. સ્વામીજીએ આપી. સ્વામીજીએ અસા સેન્ટરની મુલાકાત પણ લીધેલ હતી.
- તા. ૨૭ જાન્યુ. ૧૭ને શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા કેન્દ્ર કીમના શ્રી નાગરભાઈ લાડ સક્રિય મેનેજીંગ ટ્રસ્ટી છે. તેમના આમંત્રણથી સેવા રૂરલના કુલ ૨૧ સભ્યો કેન્દ્રના નવા સંકુલના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં જોડાયા હતા. નવા મકાનનું ઉદ્‌ઘાટન પ.પૂ. સ્વામી પ્રભાનંદજી મહારાજ, ઉપાધ્યક્ષ રામકૃષ્ણ મિશન, બેલુર મઠના હસ્તે કરવામાં આવ્યુ હતુ. તેમની સાથે બીજા સ્વામીજી પણ જોડાયા હતા.
- તા. ૧૬ માર્ચ'૧૭ને સમૂહમાં સંસ્થામાં કામ કરતા આયાબેન, સ્વીપરભાઈ, પટાવાળા, ડ્રાઈવર, ચોકીદાર, અસા (પાણેથા) શૈક્ષણિક પ્રવાસમાં ગયા. નજીકના માલસર ગામે પણ હોડીમાં બેસી આનંદ મેળવ્યો. મંદિરોના દર્શન, ગામના આગેવાન દત્તુભાઈ તરફથી પ્રસાદરૂપે ભોજન લઈ તેમની સાથે વાર્તાલાપ કર્યો. દત્તુભાઈએ સંસ્થાની આ ટીમને નસીબદાર માની તેઓને કામ કરવાની તક મળી માટે શુભેચ્છાઓ આપી પ્રોત્સાહિત કર્યા.
- સંસ્થાના બે એકર જગ્યામાં આરોગ્ય, શૈક્ષણિક, આર્થિક પ્રવૃત્તિઓમાં દરરોજ લગભગ ૧૫૦૦ જેટલા વ્યકિતઓ રોજની અવરજવર થઈ રહી છે ત્યારે સલામતીના ધારાધોરણો પ્રમાણે પગલાઓ લેવાનું આવશ્યક બની રહ્યુ છે. છેલ્લા બે વર્ષમાં સેફટીના વિવિધ પગલાંઓ જેવાં કે વડોદરાની, ગુજરાત સેફટી કાઉન્સીલ દ્વારા સેફટી સર્વે, હોસ્પિટલ તથા કેમ્પસમાં ફાયર એકસટીનગ્યુસર મૂકવા, હાઈડ્રેન્ટ સિસ્ટમ કેવી રીતે કરવી તથા સેફટી વિષે જાણકારી મેળવવા અન્ય હોસ્પિટલની મુલાકાત, આ ઉપરાંત સીનીયર કાર્યકરોની સેફટી કમિટી બની, કામનુ પ્લાનીગ કર્યુ. છેલ્લા બે વર્ષમાં સેફટીની જુદી જુદી અનેક કામગીરી કરવામાં આવી છે.

  આ ઉપરાંત સેફટીની ટીમ અકસ્માત કે આગ લાગે ત્યારે કોણ, શું કામ કરશે? તેની જવાબદારી નકકી કરવામાં આવી છે. દરેક વિભાગમાં અકસ્માત રજીસ્ટર બનાવ્યા છે તથા સ્ટાફને જરૂરી તાલીમ આપવાનું શરૂ કર્યુ છે. આ સેફટીની સઘળી કામગીરી વ્યવસ્થિત રીતે કરી શકાય તેવા કન્સલટન્ટ તથા સેફટી સુપરવાઈઝરની નિમણુંક કરવામાં આવી છે.

## સંસ્થા દર્શન

- તા. ૨ થી ૬ જાન્યુ. ૧૭ દરમ્યાન ઓસ્ટ્રેલિયાથી ડો. સ્મિતાબેન શાહ અને ડો. રાલ્ફભાઈ સેવા રૂરલ સંસ્થામાં આવ્યા. તેઓએ સંસ્થાની

વિવિધ પ્રવૃત્તિઓમાં આઈ. એમ. ટેકો પ્રોગ્રામની મોબાઈલ ફોન દ્વારા આરોગ્યલક્ષી પ્રવૃત્તિ જોઈ. સાથે કિશોર–કિશોરી કાર્યક્રમ જોવા ગયા અને કાર્યકરો સાથે વાર્તાલાપ કરી સૂચનો આપ્યા. ગ્રામ્યસ્તરે આઈ કેમ્પમાં તક લીધી. કોઓર્ડિનેશન કમિટીના સભ્યો સાથે પણ વાર્તાલાપ કર્યો.

- તા. ૨૨ ફેબ્રુ.'૧૭ના રોજ સેવા મંદિર – ઉદેપુરથી ડોકટર, પ્રોગ્રામ કોઓર્ડિનટર, ફિલ્ડ સુપરવાઈઝર વિગેરે પાંચ ભાઈ–બહેનો સંસ્થા દર્શન માટે આવ્યા હતા.

## કસ્તુરબા હોસ્પિટલ

- છેલ્લા ૩૭ વર્ષથી કસ્તુરબા હોસ્પિટલ સેવા રૂરલ ઝઘડિયામાં આ વિસ્તારના ગરીબ આદિવાસી અને જરૂરિયાતમંદ દર્દીઓને આરોગ્યની સેવાઓ, બાળરોગ, સ્ત્રીરોગ, આંખ અને દાંતની સેવાઓ મળી રહી છે. બાળ આરોગ્યની સેવાઓ ઘનિષ્ઠ બનાવવામાં 'નીઓનેટલ ઈન્ટેનસીવ કેર યુનિટ – NICU ૨૦ પથારીનો બનાવી તેમાં વોર્મર LED ફોટોથેરાપી, ઈન્ફયુઝન પંપ, પલ્સ ઓકસીમીટર, સેન્ટ્રલ ઓકિસજન તથા સકશન, મ્યુઝીકલ થેરાપી માટે મ્યુઝીકલ સીસ્ટમ વગેરેની સુવિધા ઉભી કરવામાં આવી છે અને તેના નવા મોટુ સંકુલનું ઉદ્‌ઘાટન તા. ૧૭ ફેબ્રુ.'૧૭ના દિને ભરૂચ જિલ્લાના કલેકટરશ્રી સંદિપભાઈ સાંગલેના હસ્તે કરવામાં આવ્યું.
- માર્ચ'૧૭ થી સંસ્થાના હોસ્પિટલમાં કામ કરતા સ્ટાફને કામ કરતા આવતી મુશ્કેલીઓ, પ્રશ્ન, ફરિયાદ કહેવાની મોકળાશ મળે અને તેનું નિરાકરણ યોગ્ય સમયે મળતા કામ કરવામાં સરળતા રહે માટે એક રજીસ્ટરમાં નોંધ કરવાનું શરૂ કર્યું. આ પ્રયોગથી સંસ્થાના વહીવટી સ્ટાફ મદદરૂપ થવામાં સાનુકુળ બની રહ્યો છે.
- ઈન્ફેકશન કંટ્રોલ કમિટીની મિટિંગ દર ત્રણ મહિને કરવાનું શરૂ કર્યું છે. ડો. ગાયત્રીબેન દેસાઈ, ડો. કલ્પનાબેન શાહ, ડો. પંકજભાઈ શાહ, ડો. મૈત્રીબેન વાયડા, મયંકભાઈ પંડયા, જશવંતીબેન વસાવા, રાજુભાઈ કાછીયા, કલ્પનાબેન રજવાડી, મંજુલાબેન વસાવાની આ કમિટી નિયમિત સાથે મળે છે. ચર્ચા કરે છે. ડો. મૈત્રીબેન, જશવંતીબેન અને રાજુભાઈ મહિનામાં બે વખત હોસ્પિટલમાં રાઉન્ડ લે છે અને રાઉન્ડમાં ખાસ વેસ્ટ ડિસ્પોઝલ, સફાઈ, એકસપાયર્ડ દવાઓ, દવા સ્ટોરેજ જગ્યા વગેરે સાફ છે કે નહિ? અને દર્દીને ઈન્જેકશન બોટલ ચાલતા હોય ત્યારે ત્યાં જઈ તારીખ ચેક કરવી વગેરે બાબતો ખાસ જોઈ રહયા છે. છેલ્લી ઈન્ફેકશન કંટ્રોલની મિટિંગ તા. ૯ ફેબ્રુ.'૧૭ના રોજ થઈ હતી.

### ગાયનેક કેમ્પ

| અ. નં. | તારીખ | સ્થળ | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ૦૫–૧–૨૦૧૭ | નેત્રંગ | ૧૭૩ |
| ૨. | ૧૨–૧–૨૦૧૭ | ગોરાટીયા | ૧૧૦ |
| ૩. | ૧૯–૧–૨૦૧૭ | નેત્રંગ | ૧૫૬ |
| ૪. | ૦૨–૦૨–૨૦૧૭ | નેત્રંગ | ૧૬૫ |
| ૫. | ૦૯–૦૨–૨૦૧૭ | તલોદરા | ૬૨ |
| ૬. | ૧૬–૦૨–૨૦૧૭ | નેત્રંગ | ૧૩૭ |
| ૭. | ૨૩–૦૨–૨૦૧૭ | ડેડિયાપાડા | ૬૦ |
| ૮. | ૦૨–૦૩–૨૦૧૭ | નેત્રંગ | ૧૭૬ |
| ૯. | ૦૯–૦૩–૨૦૧૭ | કાકડકુઈ | ૭૦ |
| ૧૦. | ૧૬–૦૩–૨૦૧૭ | નેત્રંગ | ૧૭૯ |
| ૧૧. | ૨૩–૦૩–૨૦૧૭ | ડેડિયાપાડા | ૭૦ |

## આંખ વિભાગ

| ક્રમ | કેમ્પ તારીખ | ગામ | તાલુકો | સહયોગી સંસ્થા / વ્યકિત |
|---|---|---|---|---|
| ૧. | ૪–૧–૧૭ | ધારોલી | ઝઘડિયા | શ્રી કેતનભાઈ લલિતભાઈ શાહ<br>શ્રી અર્જુનસિંહ એ. રાજપુરોહિત<br>શ્રી સુનિલ શારદા– અંકલેશ્વર |
| ૨. | ૮–૧–૧૭<br>૫–૨–૧૭ | કલ્લા<br>નબીપુર | કરજણ<br>ભરૂચ | સબીહાબેન સાજીદભાઈ મુસા, યુ.કે.<br>સાર્વજનિક ટ્રસ્ટ હોસ્પિટલ, નબીપુર તથા ફૈઝ યંગ સકલ, કલ્લા. |
| ૩. | ૧૧–૧–૧૭ | તરોપા | નાંદોદ | સ્વ. રમુબેન દેવેન્દ્રભાઈ પંડયા (રાજપીપલા)ના સ્મરણાર્થે તથા આર. એન. દીક્ષિત હાઈસ્કુલ –તરોપા અને Host. |
| ૪. | ૧૫–૧–૧૭ | ઓરી | નાંદોદ | સ્વ. લાડવઈબેન પંડયા (રાજપીપલા)ના સ્મરણાર્થે તથા શ્રી સરસ્વતી વિદ્યામંદિર ઓરી અને Host. |
| ૫.<br>૬. | ૧૮–૧–૧૭<br>૧૨–૨–૧૭ | કેશવાણ<br>દહેજ | વાગરા<br>વાગરા | કોપર જન સહયોગ ટ્રસ્ટ (કોપર બીરલા) દહેજ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કેશવાણ. |
| ૭. | ૨૨–૧–૧૭ | વાગરા | વાગરા | બ્લેક બર્ન યુ. કે. નબીપુરના ભાઈઓ |
| ૮. | ૨૪–૧–૧૭ | બોરીદ્રા | નાંદોદ | સ્વ. ગોપાલભાઈ રતનજી પટેલ (કંતાળી)ના સ્મરણાર્થે. |
| ૯. | ૨૯–૧–૧૭ | જંબુસર | જંબુસર | સ્વ. રેવાબેન સીતારામભાઈ અને સીતારામભાઈ રણછોડભાઈ ભકત (શામપુરા)ના સ્મ.હસ્તે શ્રી કરશનભાઈ અને ગુલાબબેન ભકત. જે. એમ. શાહ કોલેજ– જંબુસર |
| ૧૦. | ૮–૨–૧૭ | ભરાડીયા | વાલીયા | સ્વ. રતનબેન ભરાડીયાના સ્મ. શ્રી જવાહરભાઈ ચુનીલાલ પટેલ USA + Host. |
| ૧૧. | ૧૫–૨–૧૭ | ઝનોર | ભરૂચ | NTPC અને ગાયત્રી મહિલા સમિતિ– ઝનોર |
| ૧૨. | ૧૯–૨–૧૭ | ખરચ | હાંસોટ | સ્વ. મનુભાઈ વસનભાઈ દેસાઈ<br>સ્વ. હરિસિંહ અનોપસિંહ ઠાકોર – ખરચ<br>સ્વ. ગુણવંતલાલ લાલજીભાઈ સોની અમદાવાદના સ્મરણાર્થે. |
| ૧૩. | ૨૨–૨–૧૭ | અરગામા | વાગરા | ગ્રાસીમ બીરલા – વિલાયત |
| ૧૪.<br>૧૫. | ૨૬–૨–૧૭<br>૧૨–૩–૧૭ | ઝઘડિયા<br>વાલીયા | ઝઘડિયા<br>વાલીયા | DCM Shriram Ltd. Jhagadia.<br>શ્રી રંગ મહિલા આર્ટસ કોલેજ, વાલીયા. |
| ૧૬. | ૧–૩–૧૭<br>૧૫–૩–૧૭ | અશા<br>ઉમલ્લા | ઝઘડિયા<br>ઝઘડિયા | રાજશ્રી પોલીફીલ ઉમલ્લા (RPL)નિર્લોભી આશ્રમ, અશા.<br>રાજશ્રી પોલીફીલ ઉમલ્લા ( RPL ) |
| ૧૭. | ૫–૩–૧૭ | ગડખોલ | અંકલેશ્વર | સરદાર પટેલ સોશ્યલ ગ્રુપ, અંકલેશ્વર. |

| ક્રમ | કેમ્પ તારીખ | ગામ | તાલુકો | સહયોગી સંસ્થા / વ્યકિત |
|---|---|---|---|---|
| ૧૮. | ૮–૩–૧૭ | સોડગામ | વાલીયા | સ્વ. સુમનચંદ્ર જમીયતરામ ભટ્ટ (સોડગામ)ના સ્મરણાર્થે, સ્વ. મોહનસિંહ રામચંદ્ર મહીડા (સોડગામ) ના સ્મ. અને શ્રીમતી આનંદીબેન મોહનભાઈ શાહ વડોદરા જન્મદિન નિમિત્તે. |
| ૧૯. | ૧૯–૩–૧૭ | તલોદરા | ઝઘડિયા | રોટરી કલબ ઓફ અંકલેશ્વર |
| ૨૦. | ૨૨–૩–૧૭ | રારોદ | કરજણ | સ્વ. નારણભાઈ નાથાભાઈ પટેલ (ઓઝ)ના સ્મરણાર્થે તથા Host. વડોદરા. |
| ૨૧. | ૨૬–૩–૧૭ | રોઝા ટંકારીયા | આમોદ | મહંમદઅલી ઉમરજી – નબીપુર |
| ૨૨. | ૨૯–૩–૧૭ | પંડવાઈ | હાંસોટ | શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.પંડવાઈ |

**નોંધ** :

– ઉપર મુજબના તમામ કેમ્પમાં જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ સિવિલ હોસ્પિટલ ભરૂચ દ્વારા ટ્રાન્સપોર્ટેશન ખર્ચ મળેલ છે.

– Host- હરિ ઓમ સેવા ટ્રસ્ટ – વડોદરા.

– ઉપર મુજબના તમામ કેમ્પમાં જે તે ગામની પ્રાથમિક શાળા અને હાઈસ્કુલોનો તથા સ્થાનિક ગ્રામજનોનો સહયોગ મળેલ છે.

## અંધજન પુનર્વસન કાર્યક્રમ

• અખિલ ગુજરાત દિવ્યાંગ મહિલા નવમી વાનગી સ્પર્ધા દર વર્ષની જેમ સી. યુ. શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ, સુરેન્દ્રનગર દ્વારા તા. ૨૯ જાન્યુ.'૧૭ના રોજ મુ.ભરતનગર, તા. જી. મોરબીમાં યોજાયેલ હતી. આ સ્પર્ધામાં મુખ્ય હેતુ દિવ્યાંગ મહિલાઓના જીવન વિકાસમાં રસોઈ તથા ઘરકામ એ મહત્વનું કાર્ય છે એ રહ્યો હતો. પ્રજ્ઞાચક્ષુ મહિલા જાતે રસોઈ કરતી થાય, રસોઈ બનાવવામાં નિપુણ બને, તેઓને પ્રોત્સાહન મળે જેથી પોતે સાદગી ભર્યુ કરકસરયુકત જીવન જીવી શકે તે માટે યોજાઈ.

આ સ્પર્ધા બે વિભાગમાં યોજાય છે (૧) પાર્સલી અંધ બહેનો (૨) સંપૂર્ણ અંધ. આ કાર્યક્રમની સાથે સમૂહ લગ્નનું આયોજન પણ કરવામાં આવ્યું. આ વખતે નવ પ્રજ્ઞાચક્ષુ બહેનોના લગ્ન ગોઠવવામાં આવ્યા હતા. આ નવ પ્રજ્ઞાચક્ષુ બહેનો પૈકી બે કન્યાઓ સી.બી.આર. પ્રોજકટ સેવા રૂરલ ઝઘડિયાની છે. બે પ્રજ્ઞાચક્ષુ બહેનોના લગ્ન વૈદિક વિધિથી કરવામાં આવ્યા. નવદંપતીઓને કરિયાવર આપવામાં આવ્યો. ઉપરોકત વાનગી સ્પર્ધામાં સંસ્થાના અંધજન પુનર્વસન કાર્યક્રમમાં જોડાયેલ ત્રણ દિવ્યાંગ બહેનોએ ભાગ લીધો હતો. (૧) વસાવા સજનાબેન ભૂલાભાઈ, ઉમલ્લા (ઝઘડિયા), (૨) વસાવા મંજુબેન સુપડભાઈ, ડહેલી (વાલીયા), (૩) વસાવા કૈલાસબેન નાનુભાઈ , શીર (વાલીયા ).

ઉપરોકત ત્રણે બહેનોને સી. યુ. શાહ સંસ્થા તરફથી પ્રોત્સાહક ઈનામના ભાગરૂપે ડ્રેસ આપવામાં આવ્યાં.

## કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ

- તા. ૨૫ જાન્યુ. ૧૭ના દિવસે આઈ. એમ. ટેકો પ્રોજેકટનું ISO સ્ટેજનું ઓડિટ TUV વડોદરાના શ્રી અરૂણભાઈ શ્રીવાસ્તવ દ્વારા થયુ.
- કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટના ImTeCHO પ્રોજેક્ટ અંતર્ગત નર્મદા જિલ્લાના ગામોમાં આશા બહેનોની કામગીરીનો એન્ડ લાઈન સર્વે કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યો છે. આ સર્વે અંતર્ગત એક વર્ષ સુધીના બાળકોની માતાઓને ઘરે ઘરે મળીને રૂબરૂમાં ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા. આ સર્વે માટે ૨૫ જેટલા ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર્સની ૧૦ મહિના માટે નિમણૂક કરવામાં આવી છે.

  આ ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર્સ ભાઈ–બહેનોને એક માસની કલાસરૂમ અને ફિલ્ડ તાલીમ આપવામાં આવી.

  આ સર્વે ટીમ દ્વારા ધરમપુર (વલસાડ) આવેલ જશોદા ટ્રસ્ટ સંસ્થાના ધરમપુર અને કપરાડા વિસ્તારના ૮૦ જેટલા ગામોમાં આરોગ્ય સર્વે કરવામાં આવ્યો.
- તા. ૨૫ જાન્યુ.થી ૨૩ ફેબ્રુ. ૧૭ દરમ્યાન નંદકુવરબા મહિલા કોલેજ, ભાવનગરથી માસ્ટર ઓફ સોશ્યલ વર્કનો અભ્યાસ કરતી ત્રણ બહેનો અને ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદથી MSWના અભ્યાસ કરતી એક વિદ્યાર્થીની કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટમાં ડેટા એન્ટ્રી, ૦ થી ૨૮ દિવસ અને ૨૯ દિવસથી ૧૪ વર્ષના મૃત્યુ પામેલ બાળકોની માહિતી અને ImTeCHO પ્રોગ્રામમાં આશાબેનોના મોબાઈલ ફોન કામગીરીનું મોનીટરીંગ સર્વે કરી અભ્યાસ કર્યો.
- ImTeCHO પ્રોજેકટમાં ઓછા વજનવાળા બાળકોના ગુણવત્તાલક્ષી અભ્યાસ ( Qualititive Study ) માટે મુંબઈના નેહાબેન મઢીવાલાનું યોગદાન મળી રહ્યું છે.

## તાલીમ કાર્યક્રમ

| તારીખ | સંસ્થા | વિષય | સ્તર |
|---|---|---|---|
| ૧૬–૨૨ જાન્યુ.'૧૭ | કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ, સેવા રૂરલ, ઝઘડિયા પ્રા.આ. કેન્દ્ર–બુજેઠા, પ્રા.આ. કેન્દ્ર–વજેરિયા, પ્રા.આ. કેન્દ્ર–દેવમોગરા, પ્રા.આ. કેન્દ્ર–ઝઘડિયા, પ્રા.આ. કેન્દ્ર–થવા, પ્રા.આ. કેન્દ્ર–જેસપોર. | મોબાઈલ અને માતૃબાળ સંભાળ તાલીમ | આશા વર્કર |
| ૧૮–૧૯ જાન્યુ.'૧૭ | કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ, સેવા રૂરલ, ઝઘડિયા પ્રા.આ. કેન્દ્ર–કોલવાણ, પ્રા.આ. કેન્દ્ર–પાટલીમઉ. | મોબાઈલ અને માતૃબાળ સંભાળ તાલીમ | આશા વર્કર |
| ૨૩–૨૪ જાન્યુ.'૧૭ | કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ, સેવા રૂરલ, ઝઘડિયા પ્રા.આ. કેન્દ્ર–દેવમોગરા પ્રા.આ. કેન્દ્ર–સેલંબા. | મોબાઈલ અને માતૃબાળ સંભાળ તાલીમ | આશા વર્કર |
| ૧૫–૧૮ માર્ચ'૧૭ | જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટી ટ્રસ્ટ, ધરમપુર, કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ, સેવા રૂરલ, ઝઘડિયા | માતૃબાળ સંભાળ (IMNCI) | ફિલ્ડ સુપરવાઈઝર, સુપરવાઈઝર, મોબાઈલ હેલ્થ ફેસીલીટેટર |

## વર્કશોપ, સેમીનારમાં જોડાયા

| તારીખ | સંસ્થા | વિષય |
|---|---|---|
| ૯ જાન્યુ.'૧૭ | લીટલબર્ગ ઈન્ડસ્ટ્રી અને શ્યામોયા, ગાયત્રી પ્રેસ, મીત પેકેજિંગ, વડોદરા | પ્રિન્ટીગ મશીનો અને તેના ફંકશનની સમજ. |
| ૧૨ જાન્યુ.'૧૭ | વાઈબ્રન્ટ ગુજરાત, ગાંધીનગર | મેડીકલ સેફટી, આઈ.ટી. |
| ૧૬–૧૭ જાન્યુ.'૧૭ | મેકાર્થર ફાઉન્ડેશન, દિલ્હી | મેટર્નલ હેલ્થ ગ્રાન્ટી મીટીગ. |
| ૧૮–૧૯ જાન્યુ.'૧૭ | સહજ, વડોદરા | મહિલાઓના આરોગ્યમાં પુરુષ ભાગીદારી |
| ૨૧ જાન્યુ.'૧૭ | નેશનલ હ્યુમન રીસોર્સ ડીપાર્ટમેન્ટ (NHRD) ફોરમ ગુજરાત ચેપ્ટર, ભરૂચ | લીડરશીપ, એચ. આર. ડી. |
| ૨૫–૨૯ જાન્યુ.'૧૭ | ૬૦ ઓલ ઈન્ડિયા કોંગ્રેસ ઓફ ઓબસ્ટ્રેટીકસ ગાયનેકોલોજી, અમદાવાદ | ગાયનેકમાં શું નવુ ચાલે છે. |
| ૩૦ જાન્યુ.'૧૭ | યુનિસેફ અને સર્વશિક્ષા અભિયાન, ગાંધીનગર | મેન્સ્ટ્રુઅલ હાઈજીન મેનેજમેન્ટ (સ્ટેટ લેવલ વર્કશોપ), ગાંધીનગર |
| ૪–૫ ફેબ્રુ.'૧૭ | સેવા રૂરલ ( વિશાલભાઈ શાહ) ઝઘડિયા | ડેવલપમેન્ટ ઓફ ઓનલાઈન ડેટા એન્ટ્રી પ્રોગ્રામ. |
| ૬ ફેબ્રુ.'૧૭ | સેવા રૂરલ ( વિશાલભાઈ શાહ) ઝઘડિયા | માઈક્રોસોફટ એકસેલ |
| ૬ – ૯ ફેબ્રુ.'૧૭ | પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા, દિલ્હી | મોનીટરીગ એન્ડ ઈવેલ્યુએશન ઓફ હેલ્થ પ્રોગ્રામ ફોર ઈમ્પ્રુવ્ડ ડીસીજન મેકીગ. |
| ૧૨ ફેબ્રુ.'૧૭ | સાઈનેક એસોસીએશન, ભરૂચ | સીકલસેલ ડીસીઝ |
| ૧૬ ફેબ્રુ.'૧૭ | જી.એન.એફ.સી., ભરૂચ (ગુજરાત સરકાર દ્વારા) | ભરતી મેળો |
| ૨૧–૨૨ ફેબ્રુ.'૧૭ | આધાર,જયપ્રકાશ હોસ્પિટલ, ભોપાલ (મધ્યપ્રદેશ) | એડોલેસન્ટ હેલ્પલાઈન |
| ૨૧–૨૩ ફેબ્રુ.'૧૭ | સેન્ટર ફોર સોશ્યલ જસ્ટીસ, છત્તીસગઢ દ્વારા નીલવાડી (સાનંદ) | એડ્રેસીગ વાયોલેન્સ અગેન્સ્ટ વુમન |
| ૨૧–૨૪ ફેબ્રુ.'૧૭ | ગ્લોબલ સીકલસેલ ડીસીઝ, ભુવનેશ્વર (ઓરિસ્સા) | સીકલસેલ ડીસીઝ |
| ૨૫–૨૬ ફેબ્રુ.'૧૭ | કે. એમ. સી. ઓફ ઈન્ડિયા ફાઉન્ડેશન, હૈદરાબાદ | કાંગારુ મધર કેર |

| તારીખ | સંસ્થા | વિષય |
|---|---|---|
| ૨૬–૨૮ ફેબ્રુ.'૧૭ | વિવેકાનંદ સંવેદના ટ્રસ્ટ, સીતાપુર દિવ્યાંગ શાળા, રાજચંદ્ર હોસ્પિટલ ધરમપુર અને આશ્રમ શાળા– શીવારીમાળ. | સંસ્થા દર્શન, કિશોર–કિશોરી કાર્યક્રમમાં જાગૃતિ. |
| ૨૭ ફેબ્રુ.'૧૭ | કિલન્ટન હેલ્થ ઈન્સ્ટિટયુટ ગુજરાત, અમદાવાદ | યુજ ઓફ ઓ. આર. એસ. એન્ડ ઝીક ઈન ઈન્ડિયા |
| ૨૭ ફેબ્રુ.'૧૭ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) અમદાવાદ | લીડર શીપ |
| ૩ માર્ચ'૧૭ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) અમદાવાદ | લીડર શીપ |
| ૪ માર્ચ'૧૭ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) અમદાવાદ | દસરા ફિલોન્થ્રોપી ફોરમ |
| ૪ માર્ચ'૧૭ | વોટર પ્યુરીફીકેશન એન્ડ ટ્રીટમેન્ટ એસોસીએશન ઓફ ગુજરાત, ગાંધીનગર | પ્રદર્શન જોવા |
| ૮ માર્ચ'૧૭ | ઓળખ, વડોદરા | સંવાદ સ્વ સે સમસ્ત. |
| ૯ માર્ચ'૧૭ | જનપથ, અગરિયા હિતરક્ષક મંચ, ડીજીટલ એમ્પાવરમેન્ટ ફાઉન્ડેશન દિલ્હી દ્વારા, સુરેન્દ્રનગર | મીઠાના અગરમાં ચાલતા ડીજીટલ વાન અને તંબુ શાળાઓ વિષેની જાણકારી. |
| ૧૮ માર્ચ'૧૭ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) અમદાવાદ | 5-S, સેફટી, હાઉસકીપીંગ |
| ૧૮ માર્ચ'૧૭ | ચેતના, અમદાવાદ | એસ.એન.જી.ઓ. રીવ્યુ મીટીંગ |
| ૧૮ માર્ચ'૧૭ | શૈશવ, ભાવનગર | હેલ્પ ચાઈલ્ડ લાઈન સીસ્ટમ જોવા. |
| ૨૭ માર્ચ'૧૭ | ગ્રામસેવા ટ્રસ્ટ, ખારેલ, માનવમંદિર,નવસારી | સંસ્થા દર્શન |
| ૨૭ માર્ચ'૧૭ | શારદા મઠ, વલસાડ | ભગવદ્ગીતા |
| ૨૮ માર્ચ'૧૭ | સેવા રૂરલ, ઝઘડિયા | મેન્ટરીંગ કાર્યક્રમમાં મેન્ટરની ભૂમિકા. |

## કિશોર–કિશોરી જાગૃતિ કાર્યક્રમ

### ગ્રામ્યપ્રવૃતિ :

- **પતંગોત્સવ**

તા. ૫, ૬, ૭, ૧૨, ૧૩ જાન્યુ.'૧૭ દરમ્યાન પાંચ ગામોમાં (ઝોકલા, નાના અણધરા, જાંબોઈ, આંબોસ, કાંટીદરા ) ૧૫૦ કિશોરો, ૧૩૧ કિશોરીઓ અને નાના ૧૭૫ બાળકો મળી કુલ ૪૫૬ સાથે પતંગોત્સવ ઉજવવામાં આવ્યો. 'રોગ નસાડો' વિષયપર વ્યકિતગત સ્વચ્છતાનો સંદેશ પતંગપર છાપી તેના માધ્યમથી જાણકારી આપી. ઝોકલા ગામના પતંગોત્સવમાં ઓસ્ટ્રેલીયાથી આવેલ ડો.સ્મિતાબેન જોડાયા. વ્યકિતગત સ્વચ્છતા પ્રશ્નોત્તરીમાં સાચા જવાબ આપનાર બાળકોને તેમના તરફથી પ્રોત્સાહક ઈનામ અપાયા. પતંગ ખર્ચ માટેનુ ડોનેશન પણ ડો. સ્મિતાબેને આપ્યુ.

- **માસિક દરમ્યાન થતી તકલીફોનો સર્વે**

તા.૯, ૧૦ જાન્યુ.'૧૭ દરમ્યાન કન્યા આદર્શ નિવાસી શાળા , ઝઘડીયા અને કસ્તુરબા ગાંધી

બાલિકા વિદ્યાલય, રાણીપુરાની માસિક આવતું હોય તેવી કુલ ૧૧૫ કિશોરીઓમા માસિક દરમ્યાન તકલીફ અંગે માહિતી મેળવતા ફોર્મ ભર્યા. સાથે વજન,ઉંચાઈ તપાસ કરી તેનુ એનાલીસીસ કર્યુ. ફોર્મનુ એનાલીસીસ કરતા ૫૨ % કિશોરીઓને માસિક સમયની તકલીફો હતી.જેમાથી ૬% કિશોરીઓએ ડોકટરનો સંપર્ક કરેલો છે. ૩૯ % કિશોરીઓ એનિમીક હતી. ૬૭% કિશોરીઓનો બોડી માસ ઈન્ડેકસ (BMI)૧૮.૫ થી ઓછો હતો.

- **'આયુષ' કેન્સર અવેરેનસ કાર્યક્રમ**

  હ્યુમન વેલનેસ ફાઉન્ડેશન, અમદાવાદના સહયોગથી તા. ૧૬ થી ૨૩ જાન્યુ. ૧૭ દરમ્યાન ઝઘડીયા તાલુકાની ૧૧ માધ્યમિક શાળાઓ, સાત ગામો, સેવા રૂરલ સ્ટાફ, સહયોગી બહેનો, હોસ્પિટલ OPDમાં આવનાર દર્દી, તેમના સગા, પેશન્ટ વગેરે મળી ૬૭૫૫ લોકો સાથે કેન્સર જાગૃતિ કાર્યક્રમ કર્યો. ઓડિઓ કેસેટ દ્વારા પ્રચાર અને "જીતુ કયારે જાગશે" વીડિયોના માધ્યમથી વ્યસન તથા સ્તન કેન્સરની માહિતિ લોકો સુધી પહોંચાડી.

- ગ્રામ્યકક્ષાના કિશોર કિશોરીઓ જે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપનાર હતા તેઓને ભેટમાં પેન અને શુભેચ્છાઓ આપી '. આ સાથે પરીક્ષાની તૈયારી માટેની ટીપ્સ આપી.
- તા. ૨૧, ૨૩, ૨૪, ૩૦ માર્ચ' ૧૭ દરમ્યાન ખાસ ગ્રામ્યકક્ષાના કિશોર કિશોરીઓના વજન, ઊંચાઈ, હિમોગ્લોબીન ચેક કરી. ૧૪૩ છોકરીઓના બોડી માસ ઈન્ડેકસ (B.M. I.) કાઢવામા આવ્યું. તેમાં ૬૬% કિશોરીઓ કુપોષિત છે.

- **પીયર એજયુકેટરમિટિંગ**

  તા.૧૮ ફેબ્રુ.'૧૭ ના રોજ નવા ગામોના પીયર એજયુકેટરની મિટિંગ કરી. જેમાં પાંચ ગામના ૧૬ પીયર એજયુકેટર હાજર રહ્યા. એડોલેસન્ટ કાર્યક્રમ,પીયર એજયુકેટરની ભૂમિકા અને વ્યકિતગત સ્વચ્છતાની જાણકારી આપી.

- **કિશોર કિશોર શિબિર**

  તા. ૧૯ ફેબ્રુ અને તા. ૨૯ માર્ચ'૧૭ ના રોજ કિશોરી શીબીર થઈ જેમાં પાંચ ગામની ( આંબોસ, જાંબોઈ, કાંટીદરા, ઝોકલા, નાના અણધરા ) કુલ ૧૧૧ કિશોરીઓ સહભાગી બની. ૫ માર્ચ અને ૨૬ માર્ચ'૧૭ ના રોજ કિશોર શિબિર થઈ. આ જ પાંચ ગામના કુલ ૧૧૩ કિશોરો સહભાગી બન્યા. બંને પ્રકારની શિબિરમાં વ્યકિતગત સ્વચ્છતા વિષય, કિશોર–કિશોરીઓનું વજન, ઉંચાઈ કરી, BMI કાઢી દરેકને સમજાવ્યું. ૧૪૧ છોકરીઓ અને ૧૫૩ છોકરાઓના હિમોગ્લોબીનની તપાસ કરી. તેમાં ૧૨૧ છોકરીઓમાં અને ૧૪૦ છોકરાઓમાં ૧૦% વધુ હિમોગ્લોબીન છે.

**શાળા પ્રવૃત્તિ**

- જાન્યુ.– ફેબ્રુ. '૧૭માં ધોરણ ૭ની ૨૮ શાળાઓમાં જીવન મૂલ્ય, ટીમવર્ક વિષયમાં ૭૨૫ કિશોર–કિશોરી સહભાગી થયા. ધોરણ ૮ ની ૨૯ શાળાઓમાં હકારાત્મક વલણ, પ્રજનનતંત્ર વિષયમાં ૮૪૨ કિશોર–કિશોરી સહભાગ થયા. ધોરણ ૯ ની ૧૫ શાળાઓમાં જાતીય સતામણી, જીવનમુલ્ય વિષયમાં ૯૯૬ કિશોર–કિશોરી સહભાગી બન્યા. વર્ષના અંતે માર્ચમાં શીખવેલ વિષયોની કવીઝ કરવામાં આવી. જેમાં કુલ ૧૪૧૩ કિશોરીઓ અને ૧૨૧૨ કિશોરો સહભાગી થયા. વિષયોના પુનરાવર્તન માટે આ પધ્ધતિ શિક્ષકોને પણ ગમી.વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન મળ્યુ.

**વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રના વિદ્યાર્થીઓ સાથે :** સરેરાશ ૧૦૦ થી વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ સાથે નીચેના વિષયો લેવામાં આવ્યાં.

**(૧) સોશ્યલ એન્ટરપ્રીન્યોરશીપ સ્કીલ (SES) મોડયુલ પ્રમાણે**

- ડો.મૈત્રીબેને, 'એટીકેટ મેનર્સ' વિષય પર, અંગ્રેજી વિષયમાં આર્ટીકલ, સીગ્યુલર, પ્લુરલ, જુદાજુદા કાળ વગેરે શીખવવામાં નીતાબેન અને તૃષિતભાઈ

સાથે હતા. 'કોન્ફલીકટ રીઝોલ્યુશન' ( સંઘર્ષ નિવારણ ) વિષય પર ડો.મૈત્રીબેન અને એડોલેસન્ટ ટીમે વિવિધ પરિસ્થિતિ દર્શાવતા કેસસ્ટડી અને નાટક તૈયાર કરાવી વિષયની સમજ આપી.

### (૨) આરોગ્યના વિષય

- ૨૫ જાન્યુ.'૧૭ ના રોજ HIV, એઈડસ અને કુટુંબકલ્યાણ વિષય તેઓ સાથે લીધા.
- ૨૨ ફેબ્રુ.ના રોજ મેલેરીયા અને કિશોરાવસ્થાના મૂંઝવતા પ્રશ્નો વિશે સમજ આપી.

### (૩) જાતિય સતામણી

- ૨૨ માર્ચ' ૧૭ ના રોજ જાતીય સતામણી વિષય લઈને તે દ્વારા બહેનો ભાઈઓ પરસ્પર આદર કેવી રીતે આપી શકાય તે સમજયા. જાતીય સતામણી એટલે શુ ? મજાકમાં કે આનંદ માટે કરવામાં આવતી ક્રિયાઓ જાતીય સતામણી કહેવાય તે સમજયા.

### અન્ય વર્કશોપ કે તાલીમમાં જોડાયા

- તા. ૮ ફેબ્રુ.'૧૭ ના દિને રોડ સેફટી વર્કશોપમાં ૩૦–૪૦ કાર્યકરો જોડાયા. CLP ઈન્ડીયા કંપની, પગુથણ દ્વારા રોડ સેફ્ટી એટલે શુ ? વાહન ચાલક તરીકે શુ સાવધાની રાખવી તે વિશે જાણકારી મળી.

### સ્વરક્ષણ તાલીમ

- ૨૯ જાન્યુ.' ૧૭ ના રોજ એક દિવસીય સ્વરક્ષણ તાલીમમાં ડોકટર્સ, નર્સબેન, ડેટા કલેકટર બહેનો, અન્ય કાર્યકર બહેનો મળી કુલ ૧૪ બહેનો સહભાગી બની. તાલીમમાં સ્વબચાવ કેવી રીતે કરી શકાય તે પ્રેકટીકલ કરી શીખ્યા. દરેક બહેનનો ફીડબેક હતો કે સ્વબચાવની નવી વાત શીખ્યા. તે જીવનમાં ખૂબ ઉપયોગી થશે.

## વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર

- તા. ૨ જાન્યુ.'૧૭ના રોજ બેચ નં. ૩૨ના ચાલુ બેચના વિદ્યાર્થીઓની વાલી મિટિંગ રાખવામાં આવી હતી. જેમાં ૯૦ વાલીઓ હાજર હતા. વાલીઓને વિદ્યાર્થીઓની પ્રગતિ, વિદ્યાર્થીઓમાં થયેલ ફેરફારો, સિલેબસ તથા છ મહિનામાં થઈ ગયેલ વિવિધ કાર્યક્રમોની વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ ઉપરાંત વાલીઓના વિદ્યાર્થીઓ માટે સૂચનો લેવામાં આવ્યા. જેમાં વાલીઓની એવી અપેક્ષાઓ હતી કે વિદ્યાર્થીઓને કેશલેસ અને સાક્ષરતા અભિયાન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવે.
- તા. ૧૨ જાન્યુ. '૧૭ના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન રાખવામાં આવ્યું. જેમાં ૧૭૫ વિદ્યાર્થીઓ હાજર હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર ડો. શશીકાન્તભાઈ શાહ હાજર રહ્યા હતા. તેઓએ પ્રાસંગિક વકતવ્યમાં (૧) પોતાની વૃત્તિઓને કાબુમાં રાખી શિસ્તબધ્ધ રીતે આગળ વધવું. (૨) તાલીમ પછી પણ તાલીમ ચાલુ છે. કામમાં કુશળતા, શિસ્ત, વર્તન વ્યવહાર, બુધ્ધિ અને સ્માર્ટ બની શીખવાની કોશિશ કરવી. (૩) સતત રોજ રાત્રે પોતાના કામનું મૂલ્યાંકન કરવું. (૪) જે કામ કરો તે ધ્યાનથી, દીલ રેડીને કરવું. (૫) રોજની નોંધ ડાયરીમાં કરવી અને વિકાસ થયો કે નહી તે જોવું. (૬) હિસાબ રાખવો, કરકસર કરવી. (૭) સારા માણસ બનવાની કોશીશ કરવી. (૮) સમયનો બગાડ ન કરશો. (૯) જીવન જીવવા જેવું છે. (૧૦) સામાજિક સેવા કરવી. જેવા વિષય પર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક વકતવ્ય આપ્યું.
- તા. ૧૪ જાન્યુ.'૧૭ના રોજ લોકનિકેતન સંસ્થા –રતનપુર બનાસકાંઠાથી શ્રી કિરણભાઈ ચાવડા અને રોહિતભાઈ સંસ્થા દર્શન માટે આવ્યા.
- તા.૧૭ જાન્યુ.'૧૭ને CLP India Bharuch થી આવેલ શ્રી બીમલભાઈ રાવલે 'માર્ગ સલામતી' વિષય ઉપર લેકચર લીધું. તેમને માર્ગ સલામતિના સામાન્ય નિયમો, અકસ્માત થવાના કારણો, રક્ષણાત્મક ડ્રાઈવીંગ, લાયસન્સ મેળવવા માટેની લાયકાત વિગેરે વિષે વિસ્તૃત માહિતી આપી.

- તા. ૧૮ થી ૩૧ જાન્યુ.'૧૭ દરમ્યાન એન્વાયરમેન્ટ પ્લાન્ટ ઓપરેટર (E.P.O.) ટ્રેડના વિદ્યાર્થીઓની ઈન્ડસ્ટ્રીઝ ટ્રેનિંગ રાખવામાં આવી હતી. જેમાં UPL -- I & II, Atul, NCTL, ETL અને Zydus Cadila એમ છ કંપનીમાં ૧૪ વિદ્યાર્થીઓને મોકલવામાં આવ્યા હતા. આ ટ્રેનિંગનો મુખ્ય હેતુ ETP (એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) પ્લાન્ટમાં ચાલતી અલગ અલગ પ્રકારની પ્રોસેસ અને ઓપરેશનને જાણવા, સમજવા અને તેના વિષેની માહિતી મેળવવાનો હતો.
- તા. ૨૩ જાન્યુ.૧૭ને ટર્નર, મશીનિષ્ટ ટ્રેડના વિદ્યાર્થીઓને ભરૂચ ઈન્ડસ્ટ્રીયલ વિઝીટમાં સફારી એન્ટર પ્રાઈઝ પ્રા.લિ. કંપની ભરૂચ એન્જી. કંપનીમાં લઈ જવામાં આવ્યા. અલગ અલગ પ્રકારનાં મશીન પર માસ પ્રોડકશન કઈ રીતે કરી શકાય, જીગ અને ફિકચર્સનો ઉપયોગ કઈ રીતે કરવો, કંપની ઈન્જી. ડ્રોઈંગની માહિતી સુપરવાઈઝર દ્વારા મળી, વિવિધ પ્રકારના ઓપરેશન જોવા મળ્યા.
- તા. ૨૪ જાન્યુ.'૧૭ના દિને સેન્ટર ફોર એન્ટર પ્રિન્યોરશીપ– CED અમદાવાદથી બે પ્રતિનિધિ સોદાભાઈ પટેલ, શ્રુતિબેન રણા આવ્યા હતા. તેમણે બધા વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતાની તાલીમની વાત કરી.
- તા. ૨૬ જાન્યુ.'૧૭ના દિવસે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે ચાલુ બેચના ઈલેકટ્રીકલ કમ મોટર રીવાઈન્ડીંગ ( ECM ) ટ્રેડના વિદ્યાર્થી શૈલેષભાઈ વસાવા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યુ હતુ. છેલ્લે રાષ્ટ્રગીત તેમજ પરેડ બાદ રમતગમતનું આયોજન પણ થયુ હતુ અને વિજેતા ટીમને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.
- તા.૨૭ જાન્યુ. '૧૭ના રોજ અંકલેશ્વર યોજાયેલ ઈન્ડસ્ટ્રીજ એકઝીબીશન જોવા માટે શ્રી કલ્યાણસિંહ રાઠોડ તેમજ શ્રી કાલીદાસભાઈ ઓડ ગયા.

- તા. ૪ ફેબ્રુ.'૧૭ના દિને વેલ્ડર અને ફીટર ટ્રેડના વિદ્યાર્થીઓ અંકલેશ્વર વિશ્વકર્મા એન્જી. વર્કસ અને સંજય એન્જી. (ઈન્ડસ્ટ્રીઝ) વર્કસમાં વિઝીટ માટે ગયા. સંજય એન્જિ. માં ક્રસર (કેમીકલ તોડવાની ઘંટી) ટેન્ક રીએકટર વગેરે SS અને MS મટીરીયલમાંથી બને છે. વિશ્વકર્મા એન્જિ. માં સેન્ટી ફયુગલ મશીન SS અને MM માંથી બનાવે છે. SS અને MS વેલ્ડીગ જોયું. આર્ગન MM AW પ્રેસ મશીન, પ્રેસ મશીન, ઝિકસો મશીન વગેરે મશીનો જોયા. વિદ્યાર્થીઓને ઘણુ જાણવાનું અને શીખવાનું મળ્યુ.
- તા.૬ ફેબ્રુ.'૧૭ના રોજ દેવેન્દ્રસિંહ કે. ગોહિલ (G.N.F.C.) દ્વારા એન્વાયરમેન્ટ પ્લાન્ટ ઓપરેટર (E.P.O.) ટ્રેડના વિદ્યાર્થીઓનું લેકચર લેવામાં આવ્યુ. તેઓ સાથે એમોનિયાનું ઉત્પાદન, પ્રોસેસ અને ઉપયોગિતાના વિશે ચર્ચા કરી. આની સાથે સેફટીને લગતા વિડીયો પણ બતાવ્યા.
- તા. ૧૪ ફેબ્રુ.'૧૭ના દિને બેચ નં. ૨૩ના એન્વાયરમેન્ટ પ્લાન્ટ ઓપરેટર ( E.P.O.) ટ્રેડના બે જુના વિદ્યાર્થીઓ રાજેન્દ્રભાઈ વસાવા (સજનવાવ) અને ઈશવંતભાઈ (ચિત્રકેવડી, સાગબારા) એ EPO ટ્રેડમાં લેકચર લીધા. તેઓએ યુનિટ પ્રોસેસમાં ડિસ્ટીલેશન વિશે માહિતી આપી યુનિટ ઓપરેશન અને સેફટી વિશે પણ ચર્ચા કરી.
- તા. ૧૬ ફેબ્રુ.'૧૭ને દિને ગુજરાત સરકાર દ્વારા વિવિધ જિલ્લાઓમાં શિક્ષિત બેરોજગાર યુવાનો માટે ભરતી મેળાનું જીલ્લા વાઈઝ આયોજન કરવામાં આવેલું. જેમાં ભરૂચમાં GNFC ટાઉનશીપમાં ભરતીમેળો રાખવામાં આવેલો. વિજીટીકેમાંથી ભરતભાઈ પ્રજાપતિ અને કેતુલભાઈ પટેલ ગયા હતા. આ ભરતી મેળામાં અંદાજે ૫૦૦૦ યુવાનો આવ્યા હતા અને અંકલેશ્વર, દહેજ, ઝઘડિયા, પાનોલી GIDC ની ૫૦ થી ૬૦ કંપનીઓ હાજર રહી હતી.
- તા. ૨૦ ફેબ્રુ.'૧૭ના રોજ પ્રિન્ટીગ ટ્રેડમાં, ટ્રેડ પ્રદર્શન રાખવામાં આવ્યુ જેનો મુખ્ય હેતુ ૬ માસ દરમ્યાન ટ્રેડમાં જે કંઈ પ્રેકટીકલ વિદ્યાર્થી શીખ્યા તે પ્રદર્શીત કરે અને અન્ય ટ્રેડના

વિદ્યાર્થીઓ સાથે સવાલ–જવાબ પ્રશ્નોત્તરી રાખવામાં આવી.

- તા. ૨૩ ફેબ્રુ.'૧૭ ઈ.સી.એમ. ટ્રેડના વિદ્યાર્થીઓ ભરૂચ એલકોપ કંટ્રોલ ભરૂચમાં પેનલ વાયરીંગની જાણકારી મેળવવા ગયા. કંપનીના ડાયરેકટર શ્રી બકુલભાઈ શાહે ખૂબ સરસ રીતે ઈલેકટ્રીક પેનલની વિવિધ પ્રકારની માહિતી આપી. તેઓએ કલાસરૂમ ટીચીંગ કરી વિદ્યાર્થીઓને બોર્ડ પર ડ્રોઈંગ દોરીને સમજાવ્યું.
- તા. ૨૫ ફેબ્રુ. '૧૭ના દિને સ્વરોજગાર ઈચ્છુક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ વિવેક મિત્રમંડળના કારોબારી સભ્યોની એક મિટિંગ વિજીટીકેમાં રાખવામાં આવેલી. આ મિટિંગમાં સ્વરોજગાર ઈચ્છુક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ ચાલુ બેચ (૩૨મી બેચ)માં ભવિષ્યમાં સ્વરોજગાર કરવાની ઈચ્છા ધરાવતા વિદ્યાર્થીઓને વિવેક મિત્રમંડળના કારોબારી સભ્યોએ માર્ગદર્શન આપ્યું.

  આ મિટિંગમાં કુલ ૧૪ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.
- તા. ૪ માર્ચ'૧૭ને " Water Purification & Treatment Association of Gujarat (WAPTAG) 2017 " દ્વારા મહાત્મા મંદિર ગાંધીનગરમાં એકઝીબીશન રાખવામાં આવ્યુ હતુ. જેમાં મનિષભાઈ ચૌહાણ જોડાયા હતા. તેમાં ડોમેસ્ટીક R. O. સીસ્ટમ, ઈન્ડસ્ટ્રીયલ R. O. વોટર કુલર, મીલર, ગેસવોટર હીટર, સ્પેરપાર્ટસ, અલગ અલગ પ્રકારના ફિલ્ટર વિશે વિસ્તારથી માહિતી મેળવી હતી.
- તા. ૧૫ માર્ચ ૧૭ને GNFC ભરૂચમાં વર્કશોપ ઈન્ચાર્જ ડી. ડી. પટેલ દ્વારા વિ.જી.ટી.કે.ના ઈન્સ્ટ્રકટરો માટે એક મૂલાકાત ગોઠવવામાં આવી હતી. GNFC ભરૂચના અન્ય ડિપાર્ટમેન્ટના પ્રીતનિધિઓ દ્વારા વિજીટીકેના વિદ્યાર્થીઓમાં ટેકનીકલ સ્કીલમાં કઈ રીતે વધારો થાય તેના માટે સરસ ચર્ચાઓ કરવામાં આવી તથા તેઓએ સારા સૂચનો અને માર્ગદર્શન પૂરું પાડ્યું.
- તા. ૨૭ માર્ચ'૧૭ને શૈક્ષણિક પ્રવાસના ભાગરૂપે આર્ચ–ધરમપુર, સાયન્સ સીટી (ધરમપુર) અને જશોદા નરોત્તમ ટ્રસ્ટ (ખડકવાવ)ની મુલાકાત વિજીટીકેના સ્ટાફ દ્વારા કરવામાં આવી. જેમાં આર્ચ (નગારીયા)માં રશ્મિભાઈ દ્વારા આર્ચ વિશે માહિતી આપવામાં આવી જેમાં આર્ચ દ્વારા હેલ્થ એજ્યુકેશન, ટ્યુટોરિયલ પ્રવૃત્તિઓ, ટ્રેનિંગ સેન્ટર અને હોસ્પિટલ ચલાવવામાં આવે છે. ત્યારબાદ સાયન્સ સીટી – ધરમપુરમાં વિજ્ઞાન આધારિત વિવિધ મોડેલ અને ગ્રહો વિશે માહિતી મેળવી તથા જશોદા નરોત્તમ ટ્રસ્ટ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ, જેવી વરસાદનું પાણી વહી ન જાય તે માટે વિવિધ ચેકડેમ બનાવવા તથા રીપેર કરવા, સરકારની વિવિધ યોજનાઓ ખેડૂતો સુધી પહોંચાડવી તથા વિવિધ અવેરનેસના પ્રોગ્રામ સંસ્થા દ્વારા કરવામાં આવે છે, જેની વિસ્તૃત માહિતી આપવામાં આવી.

## સ્ટાફ વેલ્ફેર

- જીવનની કારકિર્દી બનાવવા માટે શૈક્ષણિક સમયગાળો ખૂબ અગત્યનો અને પાયાનો છે. આ સમયમાં યોગ્ય શિક્ષણ, સમજ અને મોટીવેશન મળે તો નવો આત્મવિશ્વાસ વધે છે. તેથી જ સંસ્થા દ્વારા ડો. ગાયત્રીબેન દેસાઈ અને ડો. ધીરેનભાઈ મોદીએ સ્ટાફ પરિવારના બાળકો જેઓ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપવા જઈ રહ્યા હતા. તેઓ સાથે એક બેઠક ગોઠવી. તેમને પરીક્ષા દરમ્યાન ધ્યાનમાં રાખવાની કેટલીક બાબતો સમજાવી, આત્મવિશ્વાસ વધાર્યો અને પ્રોત્સાહિત કર્યા. બાળકોને પરીક્ષા વખતે અતિ મહત્વના પ્રશ્નની તૈયારી, સ્વાસ્થ્યની કાળજી યોગ્ય ભોજન અને પરીક્ષા વખતે આવવા– જવાની વ્યવસ્થા માટેનું યોગ્ય આયોજન કરી પરીક્ષાનો ડર કાઢી નાખવા મોટીવેટ કર્યા અને શુભેચ્છાઓ પાઠવી.

♦

## શારદા મહિલા વિકાસ સોસાયટી

### વહીવટી સંચાલન

- આ ત્રણ માસ દરમ્યાન કોરગ્રુપના ૮, કારોબારીની બે અને નિયામક મંડળની એક મિટિંગો થઈ, જેમાં ગત વર્ષની પ્રવૃત્તિઓની વાત, બજેટ અને ૮મી માર્ચના કાર્યક્રમની ચર્ચા અને નવા વર્ષના બજેટ તેમજ પ્રવૃત્તિ માટેની ચર્ચા થઈ. ૮મી માર્ચ જેવા કાર્યક્રમોનું આયોજન અને મહિલા સશકિતકરણ કાર્યક્રમ (Women Empowerment Programme) ની નવી પ્રવૃત્તિઓ અને શૌચાલયની કામગીરીની પણ વધુ ચર્ચા થઈ, અને મંજૂરી મેળવી.

### મહિલા સશકિતકરણ

- તા. ૨૩ જાન્યુ. થી ૪ ફેબ્રુ.'૧૭ દરમ્યાન સેવા રૂરલ હોસ્પિટલમાં ચાલતી નર્સિંગ આસિસ્ટન્ટ તાલીમમાં જોડાએલ ૧૩ નર્સિંગ વિદ્યાર્થીઓએ કોમ્યુનિટી નર્સિંગના અભ્યાસના ભાગરૂપે ઝઘડિયા તાલુકાના પાંચ ગામોમાં શાળા છોડી દીધેલ અને અપરિણીત કિશોર– કિશોરીઓનો સર્વે કરી માહિતી મેળવી. આ સર્વે દરમ્યાન તેઓએ ગામડાને નજીકથી જોયા અને તેમના જીવનને સમજયા. એ સિવાય અભ્યાસના તારણો કાઢી પ્રેઝેન્ટ કર્યા. સાથે પ્રા. આ. કેન્દ્ર, ઝઘડિયા, આંગણવાડી કેન્દ્ર ખારિયામાં થતી પ્રવૃત્તિઓ જોઈ, આરોગ્ય માળખાને સમજયા. સેવા રૂરલ હોસ્પિટલમાં ઓ.પી.ડી., ઈન્ડોર દર્દીઓને સગર્ભા સંભાળ, સગર્ભાવસ્થાના જોખમો સુવાવડની તૈયારી, બાળ સંભાળ અને ધાત્રી સંભાળની વાત રોલપ્લે દ્વારા સમજાવી.
- તા. ૩૧ જાન્યુ.'૧૭એ અંકલેશ્વરથી અબ્દુલભાઈ વાકાનીએ આવી અંધશ્રધ્ધા નિવારણના પ્રયોગો બતાવ્યા, જેમાં સહયોગી બહેનો અને સ્ટાફ પરિવારની બેનો જોડાયા હતા. બહેનોએ અંધશ્રધ્ધા વિશે જે ખોટા ખ્યાલો હતા તે પૂછી તેમની માન્યતા દૂર કરી.
- તા. ૨૫ ફેબ્રુ.'૧૭એ ૨૫ થી ૪૫ વર્ષના ઉંમરના સ્ટાફના ભાઈ–બહેનોનો દંપતીમેળો થયો. જેમાં ૯ દંપતીઓએ ભાગ લીધો. પતિ–પત્નીની એકબીજા પ્રત્યેની અપેક્ષાઓ, એકબીજા વિશે કેટલું જાણે– સમજે છે અને પ્રસન્ન દામ્પત્ય જીવન કેવી રીતે બની શકે તેની ગ્રુપચર્ચા કરી. એકબીજાને મદદરૂપ થઈ, સમજીને, જીવનને સુંદર બનાવવા માટે પ્રોત્સાહન મળ્યું.
- ઝઘડિયાના મોહન ફળિયા, શાંતિનગરી, ગાયત્રી ફળિયું અને નવીનગરીમાં લક્ષ્યાંક પ્રમાણે ૨૦૦ શૌચાલય બનાવવાનો રાખવામાં આવ્યો હતો. શૌચાલય બાંધીને પૂરા કરવામાં આવ્યા. જેનો ઉપયોગ કરી સ્વચ્છતા, સલામતી અને રોગ નિવારવામાં મદદરૂપ બને છે.

* મહિલા વિકાસ અને સશકિતકરણ તથા બાળકોના પૂરક શિક્ષણ અને વિકાસના કામો સેવા રૂરલ હેઠળ થતાં હતાં જે હવે કેમ્પસમાં આવેલી સ્વતંત્ર સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી હેઠળ જુલાઈ ૨૦૦૨થી થઈ રહ્યા છે.

## ઉત્સવ ઉજવણી

- ૮ માર્ચ ૨૦૧૭ના રોજ ઝઘડિયા સેવા રૂરલમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સેવા રૂરલ સાથે જોડાયેલા તેમજ તાલુકાભરમાંથી મહિલાઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. મહિલા દિવસે "હિંમતવાન બનો... બદલાવ લાવો..." આ વિષય પર રાખવામાં આવ્યો હતો. બદલાવ લાવવાની જરૂરિયાત અંગે મહિલાઓ જ નહી પરંતુ ભાઈઓ અને આખા સમાજે હિંમતવાન બનવાની જરૂર છે. ઉપસ્થિત શ્રોતાઓ દ્વારા પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી, જેના પેનલ ટીમે ખૂબ જ સરળ રીત જવાબ આપ્યા હતા. સેવાભાવી ટીમે પેનાલીસ્ટ તરીકે ડાયસ પર રહી અને રસપ્રદ અને હૃદયસ્પર્શી જવાબો આપ્યા હતા. ૧૪ વર્ષથી માંડી ૭૫ વર્ષ સુધી પછી તે પરણિત હોય કે અપરણિત, શિક્ષિત હોય કે અભણ, ગરીબ હોય કે તવંગર દરેકને હાલની પેઢી, દર પેઢીથી ચાલતા આવતા કુરિવાજો અને પરંપરામાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ફેરફારો કરવાની જરૂર છે, તેવી ચર્ચાઓ થઈ હતી. કાર્યક્રમના અંતે પોતાની નબળાઈ અને મર્યાદાને ઓળ ખીને શરૂઆત પોતાનાથી જ કરવી પડશે, એ બાબત સમજાઈ.

## આર્થિક કાર્યક્રમ

### પાપડ

- તા. ૧ જાન્યુ.'૧૭થી સહયોગી બહેનોની રોજીમાં ૧ કિલો પાપડ પર રૂા. ૫/–નો વધારો કરવામાં આવ્યો છે. તેથી તેઓમાં આનંદની લાગણી વર્તાઈ રહી છે.
- પાપડ કાર્યક્રમમાં જયારે કાચા માલનો ભાવ વધવાથી પાપડના ભાવમા વધારો થાય છે તેમા આ વખતે કાચામાલના ભાવ ઘટવાથી તા. ૨૦ ફેબ્રુ.'૧૭ થી માર્કેટમાં ટકી રહેવા પાપડના ભાવમાં ૧ કિલો પર રૂા. ૨૫/–નો મોટો ઘટાડો કરવામાં આવ્યો છે.

## ગારમેન્ટ વિભાગ

- સેવા રૂરલ દ્વારા એક ડોરમેટરી ગારમેન્ટ વિભાગમાં સીવણ કામ કરવા માટે ફાળવવામાં આવી, જેથી ૧૦ નવી બહેનો હાઈસ્પીડ મશીન પર સીવણ તાલીમ લઈ રહી છે.
- સીવણ વર્ગ ચલાવતાં નિકીતાબેન વાંસદીયાએ તેઓના લગ્ન માટે બે માસની રજા લીધી હોવાથી તેમના કામની જવાબદારી સુનિતાબેન વસાવા અને અન્ય સ્ટાફે સંભાળી હતી.

## સીવણ તાલીમ

- તા. ૧૬ સપ્ટે.'૧૬ થી ૧૫ માર્ચ'૧૭ સુધીમાં ૪૧ બહેનોએ સીવણ તાલીમ પૂર્ણ કરી. એપ્રિલ'૧૭થી નવી બેચ શરૂ થશે તે માટે તા. ૨૩ માર્ચ'૧૭ ના રોજ બહેનોના ઈન્ટરવ્યુ લીધા. તેમાંથી ૪૪ બહેનો એપ્રિલ'૧૭થી તાલીમમાં જોડાશે.
- સીવણ તાલીમ વર્ગ માટે ડેકકન ફાઈન કેમીકલ્સ પ્રા. લિ. અંકલેશ્વર તરફથી તા.૧૧ ફેબ્રુ.'૧૭ના રોજ ત્રણ સિલાઈ મશીન અને એક એબ્રોઈડરી મશીન ભેટમાં મળ્યા.

## બાળ કેળવણી

### સ્થાનિક ટયુટોરિયલ પ્રવૃત્તિ

- તા.૧૨ જાન્યુ.'૧૭ના રોજ સ્વામી વિવેકાનંદ જન્મજયંતીની ઉજવણીમાં ૭૭ બાળકોએ સ્વામી વિવેકાનંદના બાળપણના જીવન પ્રસંગો જેમાં બીજાને મદદ કરવી, મુસીબતોનો સામનો કરવોનો વીડિયો જોઈ ચર્ચા કરી અને તેમાંથી પ્રેરણા મેળવી.
- તા. ૧૩ જાન્યુ.'૧૭ના રોજ ઉત્તરાયણ તહેવારની ઉજવણીમાં ૭૨ બાળકો સહભાગી બન્યા. તેઓ સંસ્થાના કેમ્પસમાં આવેલ કવાટર્સના અગાસી પર જઈ પતંગો ચગાવી. સીંગદાણા અને તલની ચીકી ખાઈ આનંદ માણ્યો.
- તા. ૨૫ જાન્યુ.'૧૭ના દિવસે પ્રજાસત્તાક દિન નિમિત્તે ૧૪૨ બાળકોએ રમતગમતની હરીફાઈમાં ભાગ લીધો. તેમાં સંગીત ખુરશીની રમત અને બાળકોમાં બે ગ્રુપ પાડી દેશના પ્રતિકોની માહિતી મળે એ હેતુથી કવીઝ રાખવામાં આવી અને વિજેતાઓ વિદ્યાર્થીને ઈનામ આપવામાં આવ્યા.
- તા. ૨૮ જાન્યુ.'૧૭ના રોજ ટયુટોરિયલના ૬૦ બાળકોએ આણંદની અમૂલ ડેરીની મુલાકાત લીધી અને ત્યાંની ઉત્પાદિત વસ્તુઓની જાણકારી મેળવી, વડોદરાના આજવા ગાર્ડન જોઈ આનંદ મેળવ્યો અને હરણી વિમાન મથકે જઈ ત્યાંથી એરપોર્ટ પરથી ઊડતાં અને નીચે ઉતરતાં વિમાનો જોઈ મજા માણી. બાગમાં રમવાની ખૂબ મઝા માણી.
- તા. ૨૪ ફેબ્રુ. '૧૭ના રોજ શિવરાત્રી પર્વની ઉજવણીમાં ધોરણ ૧ થી ૮માં ભણતા ૯૮ બાળકોએ શિયાલી ગામમાં આવેલ કૃત્રિમ બરફના શિવલીગના દર્શન કર્યા અને પ્રસાદી લીધી.
- તા. ૧૧ માર્ચ'૧૭ના રોજ ટયુટોરિયલના ૧૩૧ બાળકો સાથે ધુળેટીના તહેવારની ઉજવણીમાં એકબીજા પર રંગો ઉડાડયા અને ધાણી–ખજૂર ખાવાની મજા માણી. હોળીકા દહન વાર્તા, હોળીનું મહત્વ, ભકત પ્રહલાદની ભકિત વિગેરે વિશેની જાણકારી મેળવી.

♦

**જે અભ્યાસથી ઈચ્છા શકિતનો પ્રવાહ અને અભિવ્યકિત નિયંત્રણ હેઠળ લાવી શકાય તથા ફળદાયી બનાવી શકાય તે છે કેળવણી.**

– સ્વામી વિવેકાનંદ

# મિત્રોની નજરે

## રાષ્ટ્રીય માનવ સંશોધન ડેવલપમેન્ટ નેટવર્ક દ્વારા સેવા રૂરલ ટીમનું સન્માન

વ્હાલાં સેવા રૂરલ ટીમનાં સભ્યો / સૌ કાર્યકરો,

અમારી ૬૦ મી સતત મિટિંગની ઉજવણીનાં ભાગરૂપે, સેવા રૂરલને વધાવવાનું અમને ગૌરવ છે.

અમારા માટે, સેવા રૂરલ એ "દરિદ્રનારાયણની સેવા" નાં સિધ્ધાંતનો પર્યાય છે, ઉત્કૃષ્ઠ ઉદાહરણ છે.

તમારી સેવાનો લાભ લેતાં મોટી સંખ્યામાં આદિવાસી અને અન્ય લાભાર્થીઓ આ હકીકતની સાબિતી પૂરી પાડે છે. સેવા રૂરલના પ્રસંશનીય કાર્ય બદલ અમે સંસ્થાને વધાવીએ છીએ.

આપના પ્રેમ, સંભાળ અને પ્રોત્સાહન દ્વારા કાર્યકરોની સહભાગીતા સહજ રીતે આકાર પામી છે.

અમે જોયું છે કે સેવા રૂરલનાં લીડરોનું વર્તન સૌના માટે આદર્શરૂપ છે. આપની કાર્ય પ્રણાલી અને લીડરશીપ સરળ છે, છતાં, તે અસાધારણ અને ખૂબ અસરકારક છે. લોકોને ( લાભાર્થીઓ, કાર્યકરો વિગેરે ) પ્રેમ કરવો અને સંભાળ લેવી તે તમારી કોઈ વ્યુહરચના નહિ પણ તમારા જીવનની સહજ રીત થઈ ગઈ છે.

સેવા રૂરલની લીડરશીપમાં અને કાર્યકરોમાં અમે અસાધારણ નમ્રતાને અનુભવી છે.

આપે આપનું જીવન ખૂબ સાદું રાખ્યું છે કારણ કે તમે જેની સેવા કરી રહ્યા છો તે મુખ્યત્વે ગરીબ છે. આજકાલ, આવી સાદગી જવલ્લે જ જોવા મળે છે.

આપના શ્રેષ્ઠ હિસાબી ધોરણોની અમે પ્રશંસા કરીએ છીએ અને પ્રમાણિકતા સાચેસાચ આચરણમાં મુકી કહેવાય.

અમે જોઈ શકીએ છીએ કે આપ સજાગતાથી સેવા રૂરલમાં લીડરશીપને ધ્યાનથી તૈયાર કરતાં આવ્યા છો. આવું ભાગ્યે જ બીજે કશે જોવામાં આવે છે.

અમને આનંદ છે કે સેવા રૂરલમાં સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીની પૂજા કરવામાં આવે છે. વડીલો અને મુરબ્બીઓનો આદર થાય છે સેવા રૂરલ વ્યકિતકેન્દ્રી રહ્યું નથી. આપ મૂલ્યો અને ગુણોને કેન્દ્રમાં રાખો છો અને વ્યકિતકેન્દ્રી નથી. ખરેખર ફરીથી, આવું બીજે કશેક જવલ્લે જ જોવા મળે છે.

અમે સેવા રૂરલની આવી ઘણી પ્રશંસા કરી શકીએ છીએ અને બધું જ સાચું ઠરશે.

તમારા માટે આજના જમાનાની સૌથી મોટી અને ગંભીર ચુનૌતી એ થશે કે ઉપર દર્શાવેલા મૂલ્યો અને કાર્યશૈલીને વધારે મકકમતાથી વળગી રહેવું, જયારે બહારનાં ઘણાં લોકો તમને કહેશે કે તમે દુનિયાદારી નથી જાણતાં, પ્રેકિટકલ નથી. અંતમાં અમે પ્રાર્થના કરીએ કે હરહંમેશ આપ જેવા છો તેવા જ કાયમ રહો અને તમારા મૂલ્યોને, કાર્યપ્રણાલીને વળગી રહો.

આ વિસ્તારનાં રહેવાસીઓ તરીકે, અમને તમારા પર ગર્વ છે.

રાષ્ટ્રીય માનવ સંશોધન ડેવલપમેન્ટ તરફથી
( સુરત (દક્ષિણ ગુજરાત) શાખા )
૨૧ જાન્યુઆરી, ૨૦૧૭, ભરૂચ

♦

## ધન્યવાદ પત્ર

સંસ્થામાંથી આયોજિત થતા ગ્રામ્યસ્તરના કેમ્પોની અસરકારકતાને ધ્યાનમાં રાખી આ શુભેચ્છાપત્ર આવેલ છે.

રણજીતસિંહ બાજીબાવા ડાભી
મુ. દેરોલ, તા. ભરૂચ.
તા. ૨૨–૨–૨૦૧૭.

ગામ દેરોલથી રણજીતસિંહ બાજીબાવા ડાભી તથા અમારી સમગ્ર ટીમનાં સભ્યોશ્રીઓના વંદન.

દુનિયા જ્યારે અંગત સ્વાર્થમાં રાંચી રહી છે. માનવતા ઘણા અંશે કોરાણે મુકાઈ ગઈ છે અને નકારાત્મક ચિંતનનું વાતાવરણ ચારે તરફ જોવા મળી રહ્યુ છે. ત્યારે આરોગ્ય વિભાગમાં અને માનવીનું જીવન સેવાભાવી બને તે વિભાગમાં વર્ષોથી સેવા રૂરલ સંસ્થાએ દરિદ્રનારાયણોની સેવાનું બિડું ઝડપી માનવતાનો જે દીપક પ્રગટાવ્યો છે, જે ખૂબ પ્રેરણાદાયક છે અને રણમાં મીઠી વીરડી સમાન છે.

અમારા દેરોલ વિભાગમાં ખાસ કરીને આંખના નિદાન કેમ્પો યોજીને આપે વર્ષોથી માનવતાની મહેક પ્રગટાવી છે. આ દીપકની જ્યોતિ હંમેશા સમાજને ઉષ્મા આપતી રહે એવી ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના.

માનવ સેવાના આ મહા યજ્ઞમાં સેવા રૂરલના ટ્રસ્ટીશ્રી ઓ, વહીવટી કાર્યકર્તાઓ, ડોકટરશ્રીઓ, નર્સ બહેનો આપ જેવા અસંખ્ય સંઘનિસ્ટ કાર્યકરોએ સેવા દ્વારા જ હવન કરેલ છે. તેને અમો અમારી ટીમ ધન્યવાદ પાઠવીએ છીએ.

અમારા લાયક કામકાજ જણાવશો. આપના સેવા કાર્ય સાથે હંમેશા યોગદાન આપવા અમારી ટીમ તત્પર છે. ફરી એકવાર આપ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ,

લિ. સ્નેહાધીન,

રણજીતસિંહ બાજીબાવા ડાભી.

♦

( પ્રિય વાચકોને નમ્ર વિનંતી સેવા સુવાસ વાંચી આપના પ્રતિભાવો ચોકકસ લખી મોકલાવશો.)

## સત્સંગના સથવારે

ગંગોત્રીથી પધારેલ પૂ. હરિપ્રિયા માતાજીના સાંનિધ્યમાં ૧૩ ડિસેમ્બરના રોજ આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવેલુ. આ શિબિરમાં આધ્યાત્મિક સાધના માટે પ્રાર્થના ખૂબ જરૂરી છે એના ઉપર માતાજીએ ખાસ ભાર મૂકયો. પ્રાર્થનાનું મહત્વ સમજાવતા માતાજીએ કહ્યું કે પરમાત્મા સાથે પ્રેમ થવો જોઈએ. ભગવાન સાથે સંબંધ બાંધવો પડે. આ સંબંધ બનાવવા માટે ભકતે સહજ બનવુ જોઈએ. બાળક જેવી સરળતા જોઈએ અને ભગવાનમાં વિશ્વાસ હોવો જોઈએ. પરંતુ સૌથી અગત્યનું છે શરણાગતિ. બીજી અગત્યની વસ્તુ છે ભગવાન ઉપર શ્રદ્ધા. ભગવાન પાસે જે માંગીએ તે બધુ જ મળી જશે એવી શ્રદ્ધા હોવી જરૂરી છે. આધ્યાત્મિક સાધના માટે મોટી ઉંમર સુધી રાહ જોવાની જરૂર નથી. આજે શરીર, હાથ પગ ચાલે છે અને અત્યારે બધુ જ કામ કરી શકીએ છીએ ત્યારે જ અંતરાત્માથી ભગવાનને યાદ કરવા પડશે. પરંતુ જયારે ઉંમર થશે, શરીરના અવયવો બરાબર કામ નહી કરી શકશે ત્યારે શું? અત્યારથી જ ભગવાનનું નામ લીધું ન હશે અને એવી ટેવ પણ પાડી ન હશે તો તે વખતે ભગવાન કેવી રીતે યાદ આવશે.

તેમને કામ વિશેની અગત્યની વાત કરતા કહ્યુ કે કામ કરતી વખતે હું જે પણ કાંઈ કામ કરી રહ્યો છુ તે ભગવાનનું જ છે એવી ભાવના સાથે કામ કરવુ જોઈએ. કામ કરતાં કરતાં પણ હંમેશા ભગવાનનું જપ અને ધ્યાન કરતાં રહેવુ જોઈએ.

આ ત્રણ વસ્તુઓ હંમેશા યાદ રાખવી જરૂરી છે.

- परमात्मा है । **ભગવાન છે જ.**
- पुकारना पडता है । **બોલાવવા પડે.**
- जरुर आऐगा । **જરૂરથી આવે.**

આધ્યાત્મિક સફર વ્યકિતની એકલાની જ છે. કોઈ સાથે નહી આવે કે કોઈ કામમાં નહી આવે. પોતે જ સતત નિરંતર પ્રયત્ન દ્વારા મેળવવાનું છે. "ગર્વ – અહંકારને તોડીને આગળ વધવાનુ છે. ગર્વ કરવો જ હોય તો હું ભગવાનનો અંશ છું તેવો ગર્વ કરવો સારો. "

પૂ. માતાજી સાથે નીચે પ્રમાણેની પ્રશ્નોત્તરી પણ થયેલી.

**પ્રશ્ન.** પરમાત્માના દર્શનથી શું થાય ?

**જવાબ.** પરમ આનંદ મળે, કષ્ટ અને દુઃખનો નાશ થાય.

**પ્રશ્ન.** આત્મસાક્ષાત્કાર અને પ્રભુ દર્શનમાં શો ફરક ?

**જવાબ.** આત્મસાક્ષાત્કાર એટલે આત્માનો અનુભવ કરવો. આત્માને સાચા અર્થમાં સમજવો. સર્વમાં એક જ આત્મા છે તે અનુભવવું.

પ્રભુ દર્શન એટલે પ્રભુને સાક્ષાત જોવાનો પ્રયત્ન કરવો.

**પ્રશ્ન.** ભકિત કરવાથી આત્મજ્ઞાન થાય ? અને ભકિત કેવી રીતે કરાય ?

**જવાબ.** ભકિત એટલે ભગવાનની છબી સાથે પ્રેમ થવો. ભગવાનના ગુણગાન ગાવા. લોકો જોડે નહિ પણ પરમાત્મા સાથે સંબંધ જોડવો. સત્સંગ કરતાં કરતાં મનુષ્યત્વ પ્રાપ્ત થાય, પછી મુમુક્ષત્વ અને પછી અંતરાત્મા સાથે જોડાણ થાય. ધીરેધીરે ભકત શબ્દ અને ચિત્રથી દૂર થઈને આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

♦

# નાનાઓની મોટાઈ

## સ્વચ્છતા તથા પ્રભૂતા

" કચરાના ભઠ્ઠા તરફ ખૂબ દુર્ગંધ ફેલાઈ છે...." ભઠ્ઠા નજીક આવેલ ઓફિસમાં કામ કરતા સ્ટાફનો ગણગણાટ થવા લાવ્યો. આ વાત સફાઈ સેવકો અને તેમના કામની વ્યવસ્થા જોનાર વ્યવસ્થાપકોના કાને પડી. ભઠ્ઠા નજીક જઈને જોયું તો સાચે જ ભઠ્ઠાની અંદરની રૂમમાં બાયો મેડિકલ વેસ્ટમાં જાય ત્યાં સુધી જે કબાટમાં મેલી (બેનના ડિલેવરીમાં બાળક જન્મબાદ નીકળતી લોહીની કોથળી) મૂકવામાં આવે છે તે કબાટ ઘણાં વખતથી સાફ થયો નહોતો, ધોવાયો નહોતો તેથી તેમાંથી દુર્ગંધ ફેલાઈ હતી.

સફાઈ સેવકોમાંથી સુરેશભાઈ સોલંકી, નયનભાઈ, અને અરવિંદભાઈ સોલંકીએ માથુ ફાટે એવી દુર્ગંધને સહન કરી આ પડકાર છે સમજી ખૂબ જ મહેનત કરી કબાટ અને ભઠ્ઠાની આજુબાજુની સફાઈ કરી. કબાટ ઘસી ઘસીને ધોઈ સાફ કર્યો. ફીનાઈલ એસિડ નાંખી દુર્ગંધ દૂર કરી અને સ્ટાફ, કાર્યકરોને સ્વસ્થતાથી કામ કરી શકે એવું વાતાવરણ પૂરું પાડયું. સંસ્થામાં ફેલાએલ દુર્ગંધને મૂળમાંથી હઠાવી અને ભવિષ્યમાં સમયાંતરે આ રીતે કબાટની સફાઈ થતી રહેશે એવી વ્યવસ્થા વ્યવસ્થાપકો અને સફાઈ સેવકોએ ગોઠવી.

આવી દુર્ગંધ ભર્યુ, મુશ્કેલ કામ કરનાર, સ્વચ્છતા તથા પ્રભુતામાં માનનારા એ સફાઈ સેવકોને ધન્યવાદ પાઠવીએ !

♦

# સેવા રૂરલ પ્રવૃત્તિની આંકડાકીય માહિતી

## કસ્તુરબા હોસ્પિટલ

| વિગત | ૨૦૧૬-૧૭ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|
| ઓ.પી.ડી. દર્દી | ૧,૧૭,૩૫૮ | ૧,૦૦,૨૯૮* |
| નિષ્ણાંત તબીબો દ્વારા તપાસ | ૯૯,૬૯૩ | ૮૫,૧૧૫ |
| ટી. બી. ના નવા દર્દીઓ | ૩૦૮ | ૩૫૨ |
| લેબોરેટરી તપાસ | ૨,૧૨,૨૧૧ | ૧,૭૫,૯૭૦ |
| ઈન્ડોર દર્દી | ૧૯,૯૨૮ | ૧૮,૩૮૪* |
| પ્રસૂતિ | ૫,૩૪૪ | ૪,૮૬૦* |
| કુલ ઓપરેશન | ૭,૫૪૬ | ૬,૯૦૨ |
| પથારીના વપરાશની ટકાવારી | ૧૪૯ | ૧૪૦ |
| વિનામૂલ્યે સેવાઓ ( ઓ.પી.ડી.) | ૫૪.૫ | ૫૩% |
| વિનામૂલ્યે સેવાઓ ( ઈન્ડોર ) | ૮૬%* | ૮૫%* |

## કોમ્યુનીટી હેલ્થ પ્રોજેક્ટ ( સર્વિસ NGO ) અને સર્વેલન્સ પ્રોજેક્ટ (વસ્તી ૧,૭૫,૦૦૦)

| વિગત | સર્વેલન્સ પ્રોજેક્ટ ૨૦૧૬-૧૭ | સર્વેલન્સ પ્રોજેક્ટ (માહિતી એકત્રીકરણ)૨૦૧૫-૧૬ |
|---|---|---|
| સગર્ભા રજીસ્ટ્રેશન | ૮૨૦૫ | ૮૨૨૧ |
| જીવીત જન્મ | ૭૩૫૮ | ૫૭૪૭ |
| નવી સગર્ભા નોંધણી | ૮૨૦૫ | ૮૨૨૧ |
| કુલ જીવીત જન્મ | ૭૩૫૮ | ૫૭૪૭ |
| હોસ્પિટલ સુવાવડ (%) | ૮૮(%) | ૮૬(%) |
| માતા મૃત્યુ (નંબર) | ૧૮ | ૭ |
| માતા મરણ No. / MMR | ૨૪૪ | ૧૨૧ |
| નવજાતશિશુ મૃત્યુ (નંબર) | ૧૬૯ | ૧૩૩ |
| નવજાતશિશુ મરણ No./NMR | ૨૨.૯૬ | ૨૩.૯૪ |
| બાળ મૃત્યુ (નંબર) | ૩૧૬ | ૧૯૨ |
| IMR | ૪૨.૯૪ | ૩૩.૪૦ |
| ગાયનેક કેમ્પ | ૨૩ | ૪૩ |

**નોંધ** :– વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં પ્રોજેક્ટ અને રીસર્ચની માહિતી સામેલ કરેલ છે.

## નેત્રરક્ષા કાર્યક્રમ

| વિગત | ૨૦૧૬–૧૭ | ૨૦૧૫–૧૬ |
|---|---|---|
| ઓ.પી.ડી. દર્દી (કુલ) | ૪૯૨૨૦ | ૪૭૩૫૩ |
| હોસ્પિટલ | ૨૭૫૦૫ | ૨૩૨૮૬ |
| નિદાન કેમ્પ | ૨૧૭૧૫ | ૨૪૦૩૮ |
| કુલ નિદાન કેમ્પ | ૯૮ | ૯૯ |
| સોનોગ્રાફી | ૪૮૭૩ | ૪૭૭૨ |
| ઓપરેશન | ૫૩૮૪ | ૪૯૭૬ |
| કુલ નેત્રમણિ આરોપણ ( IOL ) | ૩૮૮૧ | ૩૭૩૬ |
| લેસર દ્વારા છારી કાપી ( Capsulotomy) | ૮૨૧ | ૬૨૭ |
| પેરામેટ્રી મશીન દ્વારા ઝામરની તપાસ | ૬૭ | ૮૦ |
| ડાયોડ લેઝર ( પડદાને શેક ) | ૧૬ | ૨૯ |
| કુલ ચશ્મા વિતરણ | ૧૧૨૧૯ | ૧૦૯૯૭ |

## અંધજન પુનર્વસન કાર્યક્રમ

| વિગત | ૨૦૧૬–૧૭ | ૨૦૧૫–૧૬ |
|---|---|---|
| હાલમાં કુલ પ્રજ્ઞાચક્ષુઓ | ૫૫૦ | ૮૨૨ |
| અંધત્વના સર્ટીફીકેટ | ૧૨ | ૧૦ |
| મફત મુસાફરી બસ પાસ | ૧૪ | ૫ |
| આર્થિક પુનવર્સન થયેલ લાભાર્થીઓ | ૬૫ | ૫૮ |
| સંકલિત શિક્ષણમાં IEP હેઠળ ભણતા | ૨૫ | ૨૪ |
| અન્ય અંધશાળામાં અભ્યાસ કરતાં | ૬૦ | ૬૬ |
| ટાટાવાડી ફણસામાં તાલીમાર્થી | ૦૮ | ૧૦ |
| દિવ્યાંગ સાધન સહાય કેમ્પમાં લાભ લીધેલ દિવ્યાંગ લાભાર્થી તા. ૨૩–૧૨–૨૦૧૬ | ૩૯૮ | – |

## તાલીમ કાર્યક્રમ

| વિગત | ૨૦૧૬–૧૭ | ૨૦૧૫–૧૬ |
|---|---|---|
| તાલીમ કાર્યક્રમો | ૨૬ | ૫૧ |
| સંસ્થાઓ | ૨૦ | ૩૬ |
| સહભાગી | ૫૫૧ | ૯૮૫ |
| ક્ષેત્રીય તાલીમ | ૧૫ | ૧૨ |
| સંસ્થાઓ | ૧૫ | ૧૩ |
| સહભાગી | ૭૬ | ૭૨ |
| ઓરિએન્ટેશન તાલીમ | ૦૪ | ૧૦ |
| સંસ્થાઓ | ૧૦ | ૧૦ |
| તાલીમાર્થીઓ | ૫૮ | ૧૪૦ |

## વિવેકાનંદ ગ્રામિણ ટેકનિકી કેન્દ્ર

| વિગત | ( ૩૨ મી બેચ) જુલાઈ ૧૬ થી માર્ચ ૧૭ | ( ૩૧ મી બેચ) જુલાઈ ૧૫થી જૂન ૧૬ |
|---|---|---|
| પ્રવેશ મેળવેલ | ૨૩૦ | ૧૯૪ |
| તાલીમ પૂરી કરેલ | ટ્રેનિંગ ચાલુ | ૧૮૨ |
| રોજગાર મેળવેલ | ટ્રેનિંગ ચાલુ | ૮૮ (*) |
| રોજગાર ઉપર શરૂ થયા | ટ્રેનિંગ ચાલુ | ૭૨ |
| નવા સ્વરોજગાર એકમો શરૂ કર્યા | ૦૦ | ૦૧ |
| કુલ કાર્યરત સ્વરોજગાર યુનિટ | ૪૫ | |
| કુલ સ્વરોજગાર માટે આપેલ લોન રકમ રૂા. | ૫,૭૨,૦૦૦ | |

(*) કોમ્પ્યુટરના ૯૪ વિદ્યાર્થીઓને રોજગાર માટે માર્ગદર્શન.

## શારદા મહિલા વિકાસ સોસાયટી
## પ્રવૃત્તિઓની આંકડાકીય માહિતી

| વિગત | ૨૦૧૬–૧૭ | ૨૦૧૫–૧૬ |
|---|---|---|
| મહિલા જાગૃતિ કાર્યક્રમ | ૯૬૫ | ૧૯૨૬ |
| સહયોગી બેન | ૧૧૪ | ૧૧૬ |
| આર્થિક ઉત્પાદન ( રૂા. લાખમાં) | ૧૫૬.૮૬ | ૧૫૫.૫૧ |
| આર્થિક પ્રવૃત્તિઓમાં મહિલાઓની કમાણી ( રૂા. લાખમાં) | ૩૬.૪૩ | ૩૫.૩૧ |
| બાળકેળવણી | ૧૭૩૪ | ૨૩૫૯ |

# જાણવા જેવું

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

આપ સૌને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે હૃદયપૂર્વક અભિનંદન પાઠવીએ છીએ. ખૂબ ઝડપથી વિકસતા આપણા ગુજરાત રાજ્યના તમામ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય અને સૌની કારકિર્દી શ્રેષ્ઠ બને તેમાં મદદરૂપ થવા માટે રાજ્ય સરકાર તરફથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના વર્ષ ૨૦૧૫થી અમલમાં મૂકેલ છે. જે અંતર્ગત પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણના તમામ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જુદાજુદા પ્રકારની આર્થિક સહાય આપવામાં આવે છે.

રાજ્યના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવામાં સમાન તકો મળી રહે તે માટે ગુણવત્તા અને માપદંડને ધ્યાને લઈ આર્થિક સહાય આપવામાં આવે છે. ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨માં ૮૦ પરસેન્ટાઈલ કે તેથી વધુ ગુણ મેળવી સ્નાતક કે ડિપ્લોમાં અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ જે વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂા. છ લાખ સુધીની હોય તેઓને ટ્યુશન ફીની ૫૦ ટકા રકમની સહાય આપવામાં આવે છે. મેડિકલ અને ડેન્ટલમાં રૂા. બે લાખ, ડીગ્રી ઈજનેરી અને ફાર્મસીમાં રૂા. પચાસ હજાર, B.A., B.Com., B.Sc. જેવા અભ્યાસક્રમોમાં રૂા. દસ હજાર અને ડિપ્લોમામાં રૂા. પચીસ હજાર સુધીની મહત્તમ મર્યાદામાં વાર્ષિક ધોરણે સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત હોસ્ટેલ સુવિધા માટે વાર્ષિક બાર હજાર અને સાધન –પુસ્તક સહાય માટે એક વખત નિયમાનુસર રૂા. દસ હજાર સુધીની સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૧૬માં ઉચ્ચ શિક્ષણના નવા ૩૦ હજાર વિદ્યાર્થીઓને આર્થિક મદદ આપવાનું લક્ષ્યાંક છે.

વિદ્યાર્થી મિત્રો, આપની ઉજ્જવળ કારકિર્દી બનાવવામાં કયાંય મૂંઝવણ ન અનુભવાય અને માત્ર નાણાંના અભાવે અભ્યાસ ન રૂંધાય તે માટે ગુજરાત સરકારની સમગ્ર દેશને નવી દિશા ચીંધતી આ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનો આપ સૌ મહત્તમ લાભ ઉઠાવો તેવી અમારી લાગણી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬ માટે ઓનલાઈન અરજીઓ સ્વીકારવાનું શરૂ થઈ ગયેલ છે. આપ વેબપોર્ટલ ( http ://mydy.guj.niv.in ) પરથી આ યોજના અંગેની તમામ માહિતી મેળવી ઓનલાઈન ફોર્મ ભરી શકો છો.

આપ સૌ યુવા મિત્રોને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે તેજસ્વી કારકિર્દીના ઘડતર માટે અને આપના ઉજ્જવળ ભવિષ્ય માટે પુનઃ અભિનંદન અને શુભકામના પાઠવીએ છીએ.

**જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે.**

મા શારદા

**પ્રિન્ટેડ બુક**

## —: વિશેષ સૂચના :—

**અમારી સંસ્થામાંથી પ્રકાશિત થતુ ત્રિમાસિક મુખપત્ર 'સેવા સુવાસ' E-mail થી મોકલવાનો પ્રયત્ન કરવા જઈ રહ્યા છીએ. આપ જો આ મુખપત્ર E-mail થી મળે એવું ઈચ્છતા હોય તો આપનું E-mail address લખી મોકલવા વિનંતી છે.**

**આપનું E-mail / ID નીચેના મોબાઈલ ઉપર વોટસઅપ / SMS થી અથવા નીચેના સરનામે લખી મોકલવાશો.**

**જાગૃતિબેન શાહ(મો.) 9429036490**
સેવા રૂરલ, મુ. પો. ઝઘડિયા—૩૯૩ ૧૧૦,
જિ. ભરૂચ.
E-mail : sewarural@ymail.com

પ્રકાશક :
સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટી,
ઝઘડિયા – ૩૯૩ ૧૧૦, જિ. ભરૂચ, ગુજરાત
સેવા રૂરલ પબ્લીક ટ્રસ્ટ રજી. નં. એફ/૧૧૦/ભરૂચ
E-mail :- sewarural@ymail.com, Website : www.sewarural.org
Facebook : http:// www.facebook.com/sewarural
ફોન : (૦૨૬૪૫) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮, (મો.) ૯૪૨૮૪૪૩૬૧૭
PAN No. AAATS 7375J

શા.મ.વિ.સો. પબ્લીક ટ્રસ્ટ રજી. નં. એફ/૯૦૩/ભરૂચ
smvs1985@yahoo.co.in, Website : www.shardamahilavikas.org
ફોન : (૦૨૬૪૫) ૨૨૦૮૧૧, ફેક્સ નં. ૨૨૦૩૧૩, (મો.) ૯૪૨૯૦૩૬૪૯૦
PAN No. AACTS 8212L